કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દરમાસની ૨૧ તારીખે • સળંગ અંક ૧૫૮ • સપ્ટેમ્બર-૨૦૨૦

## કેસર સ્નાન



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧









૧. અધિકમાસ માં કાલુપુર મંદિર, રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતાં પૂ. અર્હત સ્વામી તથા રંગ મહોલ અને અક્ષરભુવન ઘનશ્યામ મહારાજને અન્નકૂટ દર્શન. ૨. સંપ્રદાયના સર્વોપરિ તીર્થ છપૈયામાં અધિકમાસ પાટોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામમહારાજને અભિષેક તથા અન્નકૂટ દર્શન.૩. મૂળી મંદિરમાં અધિકમાસ પાટોત્સવ પ્રસંગે શ્રી રાધાકૃષ્ણ - હરિકૃષ્ણ મહારાજને અભિષેક તથા અન્નકૂટ દર્શન.૪ કાંકરિયા મંદિરમાં અધિકમાસ નિમિત્તે આયોજીત સમૂહ મહાપૂજામાં લાભ લેતા હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૪ ● અંક : ૧૫૯

ઓક્ટોબર-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૩)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | હે હરિ તમારામાં મારૂં ચિત્ત રમતું રહો | ૦૬ |
| ૦૪. | મુક્તાનંદ સ્વામીના મનની વાત | ૦૮ |
| ૦૫. | સ.ગુ. મુક્તાનંદ સ્વામીનો અનન્ય આશ્રય | ૧૦ |
| ૦૬. | ગાય વજાડી તાળી ભેળા ગાય રે | ૧૩ |
| ૦૭. | ભગવાનનો સંબંધ કોને થયો કહેવાય ? | ૧૬ |
| ૦૮. | શ્રીહરિ ચરિત્ર ચિંતામણી : ગ્રંથ પરિચય | ૧૭ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૨ |
| ૧૨. | પ્રશ્નપેટી | ૨૬ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૭ |

# અસ્મદીયમ્

ભગવાન શ્રીસ્વામિનારાયણે માનવ જીવનના ત્રણ આધાર સ્તંભ માનેલાં છે. સત્વ, રજ અને તમ તમોગુણથી માનવતાનો અને મનુષ્ય જીવનનો અન્ત થાય છે. જ્યારે રજોગુણથી જીવ માત્ર દુઃખી અને પરેશાન થયા કરે છે. સત્વગુણ થી જીવમાત્રને સુખ શાંતિ અને સમૃદ્ધિથી ભરપુર આનન્દમય જીવન જીવવાનો અવસર મળે છે. તે સાત્વિકતા કે સત્વગુણ જ્યાં સ્વચ્છતા પવિત્રતા અને શુદ્ધતા જેમાં હોય ત્યાં રહે છે. જો આપણા જીવનમાં સત્વગુણ લાવવો હોય તો પ્રથમ સ્વચ્છતા રાખવાનું આવશ્યક છે. તે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે શ્રીશિક્ષાપત્રીમાં સૌને આજ્ઞા કરી છે કે - स्थानेषु लोकशास्त्राभ्यां निषिधेषुं कदाचन । मलमूत्रोत्सर्जनं च न कार्य ष्ठीवनं तथा ॥३२॥ એવા કોઇ પણ સ્થાનમાં કે જ્યાં શાસ્ત્રએ ના પાડી હોય અને જ્યાં ઘણાં મનુષ્યોને ઉપયોગમાં લેવાતું સ્થાન હોય અથવા કોઇ બાગ બગીચો કે સુન્દર વાવેતર વાળું ખેતર હોય ત્યાં ક્યારેય પણ મળ મૂત્રનો ત્યાગ ન જ કરવો તેનાથી ગંદકી ફેલાય છે અને અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થવાની પુરેપુરી શક્યતાઓ છે. આ શ્રીજી મહારાજની આજ્ઞાનું જો સમગ્ર વિશ્વમાં પાલન થાય તો આજ કાલ વ્યાપી ગયેલાં મહામારી જેવા ભયાનક રોગોપદ્રવથી સૌની સારી રીતે રક્ષા થાય તેમાં કોઇ સંશયને સ્થાન નથી. આ પણ એક આપણો પરમ ધર્મ છે જ છે જેનું પાલન કરવું અતિ આવશ્યક નહીં પણ ફરજીયાત છે. માટે આપણે સૌ સાવધાની પૂર્વક આપણા વર્તન આચરણ અને વિચાર વ્યવહારમાં સર્વત્ર સાવધાન થઇને સ્વચ્છતા રાખવાનું અને પવિત્રતાનું પણ ધ્યાન રાખીને સર્વ વ્યવહાર ક્રિયા કરીએ તેવી સમજણ અને બુદ્ધિ પરમેશ્વર ભગવાન શ્રીનરનારાયણદેવ સૌને આપે તેવી તેમના શ્રીચરણોમાં પ્રાર્થના કરીએ એજ આજના દિવસની શુભકામના સાથે જય શ્રી સ્વામિનારાયણ

તંત્રીશ્રી (મહંત સ્વામી)<br>
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના<br>
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# तवारीख





# હે હરિ તમારામાં મારું ચિત્ત રમતું રહે

- શાસ્ત્રી નિર્ગુણદાસજી (મહંત સ્વામી, કાલુપુર, અમદાવાદ)



॥ अष्टपदीयम् ॥

त्वयितुहरेचेतोरमताम्। (ध्रुवपदम्)

नीलेवपुषिवसनानिसितानी । दधे धवे तत्र जगताम् ॥त्वयितु... ॥१॥

विधिभववन्दितचरणसरोजे । वरवृषांगेऽपिवदताम् ॥त्वयितु... ॥२॥

सदसिसाधूनामकृत यो मानम्। मदहर वाक्यैर्मधुरसताम् ॥त्वयितु... ॥३॥

मुक्तापुष्पवरहारसुकण्ठे । कृतभवदूरेभजताम् ॥त्वयितु... ॥४॥

तिष्ठतुतत्रयदाघपदंनः । हृदिसुखसद्मनिभवताम् ॥त्वयितु... ॥५॥

पृथुलललाटविराजितचन्द्रे । महीयसिधीमतिमहताम् ॥त्वयितु... ॥६॥

विकचितशोणकमलदलदृष्टे । द्विरदगतौगतौहसताम् ॥त्वयितु... ॥७॥

वदनशशिहृत्तमोभूरिहस्ते । सखेतत्रयस्त्वरंहरताम् ॥त्वयितु... ॥८॥

वासुदेवभणितमेतदर्च्यम् । नृणांश्रवणसोरसंनयताम् ॥त्वयितु... ॥९॥

॥ इति वासुदेवानंदवर्णी विरचिताष्टपदी ॥

ભગવાનના ભક્તને પોતાના ઈષ્ટદેવની મૂર્તિમાં કેવો લગાવ હોય છે તે જો જાણવું હોય તો આ સદ્‌ગુરૂ શ્રીવાસુદેવાનંદવર્ણીએ રચેલાં સ્તોત્રો અને તેમની કરેલી પ્રાર્થનાને ખાસ સમજવી પડે. તેમના હૃદયમાં જેવી પ્રેમ લક્ષણા ભક્તિ છે તેવીજ ભક્તિ જો જીવના હૃદયમાં આવે ત્યારેજ પરમાત્માની મૂર્તિનું માહાત્મ્ય સમજાય છે અને માહાત્મ્ય સમજાયા વિના મૂર્તિ હૃદયમાં સ્મરણ કરવી કે સદા સ્મૃતિમાં રહેવી સાધારણ વાત નથી. તેથી વર્ણીરાજ શ્રીહરિની પાસે એવીજ સદા યાચના કરે છે કે તેમના હૃદયમાં ચિત્તમાં તમારી જ મૂર્તિ સદા રમતી રહે. તેવાજ અર્થને અભિવ્યક્ત કરતાં આસ્તોત્ર અષ્ટકના શબ્દોના અર્થનો વિચાર કરીએ -

**ત્વયિતુહરેચેતોરમતામ્। (ધ્રુવપદમ્)**

**નીલેવપુષિવસનાનિસિતાની।**

**દધે ધવે તત્ર જગતામ્ ॥ત્વયિતુ... ॥૧॥**

હે શ્રીહરિ તમારી આ સુંદર દિવ્ય મૂર્તિમાં મારૂં ચિત્ત હમેશાં રમતુંજ રહે પણ અન્ય નાશવન્ત માયિક પદાર્થોમાં ન જ ભમે તેવી મારા ઉપર કૃપા દૃષ્ટિ કરજો. તમારી મૂર્તિ કેવી સુંદર અને મનમોહક છે કે જેને જગત પ્રત્યક્ષ પ્રમાણ જોઈ શકે છે તે મનુષ્ય જેવું રૂપ ધારણ કરીને દર્શન આપો છો ત્યારે તમારા શ્યામ સુંદર નવીન મેઘના જેવા વર્ણવાળી મૂર્તિએ ધારણ કરેલાં શ્વેત મનોહર વસ્ત્રો તો એવા શોભે છે કે જાણે તેમાં સમગ્ર જગતની શોભા સમાઈ ગઈ છે. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૧)

**વિધિભવવન્દિતચરણસરોજે।**

**વરવૃષાંગેડપિવદતામ્ ॥ત્વયિતુ... ॥૨॥**

હે શ્રીહરિ તમારા કમળ જેવા કોમળ અને દયાળુ ચરણાર્વિન્દને તો મોટા મોટા દેવો સાક્ષાત્ પિતામહ બ્રહ્માજી દેવોના દેવ મહાદેવ અને સમગ્ર દેવતાઓનો સમુદાય સદા વંદન કરે છે . અને તમારા મુખ કમળમાંથી નીકળેલાં શ્રેષ્ઠ ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનું પોષણ કરનારા દિવ્ય વચનો કે આજ્ઞાનું અનુસરણ કરવા સદા તત્પર રહે છે. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૨)

**સદસિસાધૂનામકૃત યો માનમ્ ।**

**મદહર વાક્યૈર્મધુરસતામ્ ॥ત્વયિતુ... ॥૩॥**

અત્યારે કળિયુગમાં મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો ત્યારે પાંચસો પરમહંસોની સભામાં કોઇ સાધારણ સાધુ પણ આવે છે તો તમે ઉદારતાથી તેમનું પણ માન સન્માન કરો છો. અને તેના હૃદયમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવો છો. અમૃત જેવા મધુર વચનોથી સૌ કોઇના મદને માન અહંકારને દૂર કરો છો. અને તેના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવો છો. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૩)

**મુક્તાપુષ્પવરહારસુકણ્ઠે ।**

**કૃતભવદૂરેભજતામ્ ॥ત્વયિતુ... ॥૪॥**

શ્રેષ્ઠ મોતીઓની માળા અને સુગન્ધીત રંગ બેરંગી પુષ્પોના સુંદર હાર તમારા શ્રેષ્ઠ કંઠમાં શોભી રહ્યા છે. જેના દર્શન કરનારાના ભજન કરનારાના અને આશ્રય કરનારાના જન્મ મૃત્યુના ભવસાગરના દુઃખોને કષ્ટોને દૂર કરે છે . એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૪)

**તિષ્ઠતુતત્રયદાઘપદંનઃ ।**

**હૃદિસુખસદ્મનિભવતામ્ ॥ત્વયિતુ... ॥૫॥**

હે શ્રીહરિ તમારા આ ચરણાર્વિન્દ જ્યાં પણ પડે છે ત્યાંથી સર્વ પ્રકારના પાપો તત્કાળ નાશ પામી જાય છે. એવા તમારા ચરણ કમળમાં મારૂં મન ચિત્ત સદા સ્થિર થઇને રહો. તેવી કૃપા કરો જેથી મારા હૃદયમાં અવિનાશી અક્ષરધામના મહાન સુખનો આનંદનો સાગર હિલોળ્યા જ કરે તમારી મૂર્તિનું સુખ વિના બીજુ કાંઇ આવરણ જ ન આવે તેવી કૃપા રાખજો. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૫)

**પૃથુલલલાટવિરાજિતચન્દ્રે ।**

**મહીયસિધીમતિમહતામ્ ॥ત્વયિતુ... ॥૬॥**

હે શ્રીહરિ તમારા વિશાલ ભાલ લલાટ જે ઉદારતા અને દયાળુતાનું પ્રતિક છે. જેમાં સુંદર ઉર્ધ્વપુન્ડ્ર તિલક કુંમકુંમના ચાંદલાએ સહિત શોભી રહ્યું છે. મહાન અને વિચક્ષણ બુદ્ધિમાન વિદ્વાનોની મતિ બુદ્ધિની મહાનતા તેમાં જ રહેલી છે કે તમારા આ દિવ્ય સ્વરૂપમાં જોડાયેલ રહે તો તેમનું સર્વનું જરૂર આત્યન્તિક કલ્યાણ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતુંજ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૬)

**વિકચિતશોણકમલદલદૃષ્ટે ।**

**દ્વિરદગતૌગતૌહસતામ્ ॥ત્વયિતુ... ॥૭॥**

જગતના અનંત જીવોના કલ્યાણ કરવા મનુષ્ય દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરો છો ત્યારે જેમ મોટા સરોવરમાં પ્રાતઃકાળે સૂર્યોદય થાય અને વિશાળ કમળો ખીલી ઉઠે છે તેવી કોમળ દૃષ્ટિથી સૌ જીવો ઉપર કરૂણા વરસાવતી તમારી દૃષ્ટિ પડે છે ત્યારે તેમના સર્વ દુઃખો નાશ થાય છે. તેમના દુઃખોને દૂર કરવા મંદમંદ ગતિથી હસીને જીવોને આનંદ ઉપજાવતા ચાલો છો. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૭)

**વદનશશિહૃત્તમોભૂરિહસ્તે ।**

**સખેતત્રયસ્ત્વરંહરતામ્ ॥ત્વયિતુ... ॥૮॥**

હે શ્રીહરિ તમારા મુખ કમળમાં ચન્દ્રના જેવી શિતળતા છે જે જીવોના હૃદયમાંથી અનાદિકાળના અજ્ઞાનરૂપી અંધકારને તમ ને ખૂબ સારી રીતે દૂર કરો છો. એવા તમારા કરકમળને હે શ્રીહરિ હે મારા સખા સુહૃદ સ્વામી મારા મસ્તકે પણ રાખો જેથી મારામાં કંઇ પણ અજ્ઞાન હોય તો તે તત્કાળ તેનો નાશ કરો એવા દયાળુ તમે છો, એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૮)

**વાસુદેવભણિતમેતદર્ચ્યમ્ ।**

**નૃણાંશ્રવણસોરસંનયતામ્ ॥ત્વયિતુ... ॥૯॥**

હે શ્રીહરિ આ તમારો વાસુદેવવર્ણી જે બોલે છે તે પ્રમાણે કોઇ તમારા સ્વરૂપની વંદના કરે કે સ્તુતિ કરે કે સાંભળે અને તે પ્રમાણે આશ્રય કરે તેવા મનુષ્ય માત્રને આ પ્રાર્થના સાંભળવાથી ગાવાથી તેમના હૃદયમાં તમારી દિવ્ય મૂર્તિનું સ્મરણ થાય છે. જેથી તેના જીવાત્માને આત્યન્તિક મહામોક્ષની પ્રાપ્તિ તમારા દ્વારા પ્રાપ્ત કરાવો છો. એવા તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૯)

# મુક્તાનંદ સ્વામીના મનની વાત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



શ્રીહરિ ચરિત્રામૃત સાગર પુર-૭, તરંગ-૪૯ માં સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે કે,

શ્રીહરિનો જેવો અભિપ્રાય હતો તેને મુક્તાનંદ સ્વામી જાણતા હતા અને મુક્તાનંદ સ્વામીનો અભિપ્રાય નિત્યાનંદ સ્વામી જાણતા હતા. શુકાનંદ સ્વામી શ્રીહરિનો અભિપ્રાય જાણતા હતા પણ તેઓ મુક્તાનંદ સ્વામી આગળ બોલી શકતા નહિ. બ્રહ્માનંદસ્વામી શ્રીહરિની મરજીને લીધે તે સમયે જુનાગઢ રહ્યા હતા. ગોપાળાનંદ સ્વામી યોગીરાજ કહેવાય. શ્રીહરિના સદ્‌ગુણોને પાત્ર હતા અર્થાત્ કૃપાપાત્ર હતા. મુક્તાનંદ સ્વામીને સત્સંગ ઉપર જે મમત્વ રહેતું તેવું મમત્વ ગોપાળાનંદ સ્વામીને પણ હતું. તે સ્વયં બધું જાણતા હતા. પણ સમય આવે બોલી શકતા નહિ. નિત્યાનંદ સ્વામી ઘણા સમર્થ હતા એટલે વિચારીને મુક્તાનંદ સ્વામીની આગળ બોલ્યા, આપની જેવી મરજી હશે તે રીતે હું રસ લઈને કામ કરીશ. આપ કૃપા કરીને મને કહો. હું લેશ માત્ર પણ ફરક પડવા નહિ દઉં. તે સાંભળી મુક્તાનંદ સ્વામી રાજી થયા. પોતાના બન્ને હાથ નિત્યાનંદ સ્વામીના શિર ઉપર મૂક્યા અને સ્વામી બોલ્યા - નિત્યાનંદ સ્વામી ! તમે હવે સાંભળો આ દેહનો કાળ સમીપે આવી ગયો છે. મનમાં હજી અભિલાષાઓ રહી જાય છે. તે મારી ઈચ્છાઓ તમારે પૂર્ણ કરવી કે જેને હું અધુરી છોડીને જાઉં છું.

બીજા અવતાર થયા છે તેમ શાસ્ત્રોમાં સાંભળ્યું છે પણ આવો અવતાર કોઈ થયો નથી જેની બુદ્ધિ જડતાવાળી હોય તેને તે સમજાય નહિ. કારણ કે તે આંખોથી ભગવાન શ્રીહરિને દેખે છે પણ તેને સમજાતું નથી. તેવા લોકોનો પાપનો નાશ થાય તેવી તમારે તપાસ કરવાની છે. શ્રીહરિએ આ વખતે પ્રગટ થઈને ઘણો શુધ્ધ ઉધ્ધવ સંપ્રદાય ચલાવ્યો છે. જેને પંચવર્તમાન પાળવામાં રુચિ હોય તેને મોક્ષમાં રુચિ ઉત્પન્ન થાય છે. નીતિ પ્રમાણે ચાલે તે ધર્મ છે. અનીતિ પ્રમાણે ચાલે તે અધર્મ છે. નીતિનું રાજ્ય સ્થિર રહે છે. શ્રીહરિને નીતિ રુચે છે. અનીતિ રુચતી નથી. જેને અનીતિ રુચે છે તેને સંસારનો ભય રહે છે. તમારે નીતિનું સ્થાપન કરવાનું છે અને અનીતિને મહાપાપ સમજવાનું છે. જેટલા હરિભક્તો કહેવાય છે તે બધાને તમારે નીતિને માર્ગે ચલાવવાના છે.

અને વળી શ્રીહરિનો જેટલો પ્રતાપ છે તે બધો બન્ને દત્તપુત્રોમાં (આચાર્યશ્રી) સ્થાપ્યો છે. જે શુધ્ધ આચાર્યપદ છે તે ભગવાન શ્રીહરિએ બન્નેને આપ્યું છે.

જે આ ઉધ્ધવ સંપ્રદાય કહેવાય છે તેના તે બન્નેને આચાર્ય સ્થાપ્યા છે. ઉધ્ધવ સંપ્રદાયના આ આચાર્યો જે રીતે સર્વોપરી રહે તે રીતે તમારે કરવાનું છે. આટલી મારા મનમાં ઈચ્છા રહ્યા કરે છે. તમારે મારા તે વચનને માનવાનું છે. મને તમારો વિશ્વાસ છે. કારણ કે, મને તમે ચતુર્મુખ બ્રહ્મા જેવા દેખાઓ છો. શ્રીહરિના પ્રતાપથી કોઈ અન્ય વિદ્વાન શાસ્ત્રાર્થમાં તમને જીતી શકે તેમ નથી. હું દૃઢ પણે સમજુ છું કે બીજો કોઈ વિદ્વાન તમારા લેખામાં તુલનામાં આવી શકે તેમ નથી. આપણા આચાર્યને કોઈ લોપવા પીડવા પરાજીત કરવા આવે તો તમારે ધર્મથી

અને નીતિથી તેના મૂળ ઉખેડી નાખવા. ધર્મવાળા અને નીતિવાળા સંતોને સાથે રાખીને ચાલવું. અને ધર્મકુળનું સ્થાપન કરવું.

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, આપે જેમ કહ્યું તેમ હવેથી હું કરીશ. પછી મુક્તાનંદ સ્વામીએ તેમને **ધર્માખ્યાન** આપ્યું. અને કહ્યું કે તમે નિપુણતાથી આ ગ્રંથને શુધ્ધ કરજો. આટલી ભલામણ કરીને મુક્તાનંદ સ્વામીએ અન્તર્દષ્ટિ કરી લીધી.

આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને અંત સમયે બે ઈચ્છાઓ હતી. એક ધર્માખ્યાન ગ્રંથની રચના કરવી અને બીજી શ્રી સ્વામિનારાયણ ભગવાને જે પોતાના સ્થાને આચાર્યપદની સ્થાપના કરી તેને સર્વોપરી કરી દેખાડવા. મુક્તાનંદ સ્વામી પોતાના અંતિમ દિવસોમાં ધર્માખ્યાન ગ્રંથ લખતા હતા. અવસ્થાના કારણે હાથમાંથી કલમ પડી જતી હતી તો પણ ગ્રંથની રચના કરતા હતા. વચનામૃત ગઢડા મધ્ય ૫૮ માં જે શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી તેનું સ્વામીએ અક્ષરસઃ પાલન કર્યું. પોતાના જીવન પર્યંત સમય ગાળામાં ૨૧ જેટલા ગ્રંથોની રચના કરી અને અસંખ્ય કીર્તનો પણ રચ્યા. છેલ્લે ધર્માખ્યાન ગ્રંથ જે અધુરો રહ્યો તેને સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ શુધ્ધ કરી પૂર્ણ કર્યો.

મુક્તાનંદ સ્વામીનો બીજો સંકલ્પ હતો કે, મહારાજના દીકરા જે આચાર્યશ્રી તેમની આ દુનિયાને ઓળખાણ કરાવવી તેથી તેઓ જ્યારે બિમાર થયેલા અને પછી થોડા સાજા થયા ત્યારે તેઓએ પોતાના મંડળના સંતોને કહેલુ. હે સંતો ! હવે શરીરે સારુ છે. માટે હવે આચાર્યશ્રીને સાથે લઈને ગામડે ગામડે ફરીને આચાર્યશ્રીની ઓળખાણ કરાવવી છે. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી સં. ૧૮૮૬ ની સાલમાં ધામમાં પધાર્યા ત્યારબાદ આ કાર્ય પણ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ જીવનપર્યંત કરેલું. મુકતાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી નિત્યાનંદ સ્વામીએ સં. ૧૯૦૮ પર્યંત દેહ રાખ્યો હતો. આ ૨૨ વર્ષના ગાળા દરમિયાન સ્વામીએ વડોદરા, ઉમરેઠ, વરતાલ, અમદાવાદ, ગઢડા, મૂળી, ભૂજ આદિક શહેરો તથા ગામડાઓમાં વિચરણ કરી મુક્તાનંદ સ્વામીના સંકલ્પ પ્રમાણે આચાર્યશ્રીની પ્રતિષ્ઠા ખૂબ વધારી હતી. નંદ સંતોની આ પરંપરા પ્રમાણે આજે પણ સંતો તથા હરિભક્તો આચાર્યશ્રીને સર્વોપરી માની તેમની ગરિમા સમજતા તથા સમજાવતા હોય છે.

સ્વામિનારાયણ ભગવાને આચાર્યશ્રીને આ સંપ્રદાયના નાવનું સુકાન સોંપેલુ છે. તેઓને જ નાવિક બનાવ્યા છે. શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રકરણ-૪, અધ્યાય-૬૦ માં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે - હે પુત્રો ! મેં તમો બંનેને આ મંદિરાદિક અર્પણ કર્યા છે તે પોતાના બાહુબળથી સંપાદન કરેલું છે. માટે એમાં પિતા કે બંધુ વગેરે કોઈનો પણ હક દાવો નથી તે નિશ્ચય જાણો. મને બદરીપતિ ઋષિ નારાયણની માફક તપ પ્રિય નૈષ્ઠિક બ્રહ્મચારી જાણો. પોતાના ધામથી આ લોકમાં પોતાની ઈચ્છાથી આવેલો છું અને ફરીથી સ્વધામ જઈશ. એમ જ જાણો. જેને મારે આપવાની ઈચ્છા હતી તેને મેં સ્વતંત્રપણે મારું આ પૂર્વે કહેલું આપ્યું છે. માટે મારા આપેલામાં કોઈનો પણ ભાગ નથી જ.

સંપ્રદાયમાં શ્રીજી મહારાજે ધર્મકુળ આચાર્યશ્રીને સત્સંગના અધિષ્ઠાતા કર્યા છે. સંપૂર્ણ વ્યવસ્થા ધર્મવંશી આચાર્ય થકી સ્વયં સ્વામિનારાયણ ભગવાન કરી રહ્યા છે. સાધુ, સત્સંગી તો અનુરાગી આશ્રિત છે. માલિક સ્વામિનારાયણ ભગવાન પોતે છે. સત્સંગમાં આપણે માત્ર પુરુષ પ્રયત્ન કરીને સેવા-ભજનનું અનુસરણ કરી શકીએ તેથી નવા મંદિરો કરવા હોય, મંદિરોમાં ફેરફાર કરવા હોય, મોટા ઉત્સવો (નિત્ય વાર્ષિક - નૈમિત્તિક સિવાયના), શાસ્ત્ર છપાવવું હોય, પ્રતિષ્ઠિત મૂર્તિઓમાં કોઈ ફેરફાર કરવો હોય તો ધર્મવંશી આચાર્યશ્રીની મૌખિક - લેખિત મંજુરી લેવાની હોય છે. તેમના તરફથી આજ્ઞા આશીર્વાદ થાય ત્યાર પછી તેમના વચનરૂપી શક્તિ તે કાર્ય કરતી હોય છે. તે ઉર્જા શ્રીહરિની તે કાર્યને સફળ કરવા તથા સર્વેમાં ઉત્સાહ બળ પ્રેરણા આપે છે. તે બળ વડે તેમાં સહભાગી થનારા સાધુ-સત્સંગીના વિચાર - વર્તન - આચરણ શ્રેષ્ઠ કક્ષાના થતા આપણે સત્સંગમાં જોઈ શકીએ છીએ.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના મનની આ વાત ને જે સમજી - વિચારી જીવન પર્યંત અનુસરશે તેના ઉપર સ્વામીનો પૂર્ણ રાજીપો થશે.

# સ.ગુ. મુક્તાનંદ સ્વામીનો અનન્ય આશ્રય

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

અનેક બ્રહ્માંડોના અધિપતિ શિવ, બ્રહ્મા વગેરે તથા બીજા મુક્તોએ ચંદન, પુષ્પ, વસ્ત્રાદિથી પૂજાયેલા તેમજ ભક્તિએ સહિત ધર્મ તથા ઐશ્વર્યો અને વેદોથી સ્તુતિ કરાતા અનેક કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ કહેતા ચક્રવર્તીની શોભાવાળા ભગવાન શ્રી સ્વામિનારાયણ મહા તેજ યુક્ત અને દિવ્ય એવા પોતાના બ્રહ્મપુરધામ અર્થાત્ અક્ષરધામમાં સદા વિરાજમાન છે. તે ભગવાન પોતાના ભક્તોમાં જે ભક્તો જેવા પ્રકારની પોતાની મૂર્તિને જોવાની ઈચ્છા હોય તે ભક્તોને તેવા પ્રકારનું પોતાનું દર્શન આપે છે. આજ નારાયણમુનિ ભગવાનને શાસ્ત્રોમાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણ નામથી કહ્યા છે અને તે ભગવાનના આ પૃથ્વી ઉપર રામકૃષ્ણાદિક અવતારો પોતાના ભક્તોના સુખ માટે થાય છે.

આજે અક્ષરધામાધિપતિ ભગવાન શ્રીહરિ છે તે જ ભગવાન શ્રી નરનારાયણ સ્વરૂપે બદરિકાશ્રમમાં રહ્યા થકા પોતાના ભક્તોનું નિર્વિઘ્ન કલ્યાણ થાય તે હેતુથી આ જગતનો રાત્રિ પ્રલય થાય ત્યાં સુધી ઋષિ સ્વરૂપે અખંડ તપ કરી રહ્યા છે અને તેથી જ ભરતખંડને વિષે રહ્યા જે તે પોતાના ભક્તજન તેમના જે ધર્મ, જ્ઞાનાદિક ગુણ તે જે તે અતિશે અલ્પ હોય તો પણ તે ભગવાનના ગુણે યુક્ત તપને પ્રતાપે કરીને થોડાક કાળમાં જ અતિશે વૃધ્ધિને પામે છે. સ્વયં દિવ્ય અક્ષરધામ પોતે, પોતાને પ્રિય એવા નરનારાયણની સેવાને અર્થે હિમાલયમાં બદરીવનને સ્વરૂપે રહેલું છે.

ભૂગોલ ખગોલના વચનામૃત પ્રમાણે શ્રેષ્ઠ એવા જંબુદ્વીપ મધ્યે સુવર્ણનો મેરુ પર્વત છે. અને તે પર્વતની દક્ષિણ દિશામાં ભરતખંડ છે. ને તેમાં નરનારાયણ દેવની ઉપાસના છે, ને ત્યાં નારદજી મુખ્ય ભક્ત છે. બ્રહ્માના પુત્ર નારદજી ભગવાનનું ભજન કરી કરીને ભગવાનનું મન કહેવાયા. શ્રી નરનારાયણદેવની પ્રસાદીની મૂર્તિમાં શ્રી નારાયણ ભગવાનની જમણી બાજું એક હાથમાં વીણા અને બીજા હાથમાં ચામર લઈને સેવામાં ઉભેલા નારદજી તથા શ્રી નર ભગવાનની ડાબી બાજુ સેવામાં ઉભેલા ઉદ્ધવજી દર્શન આપે છે. સત્સંગમાં ઉદ્ધવજી શ્રીહરિના ગુરુ શ્રી રામાનંદ સ્વરૂપે પ્રગટ થયેલા. તેવી જ રીતે સત્સંગિભૂષણ શાસ્ત્રના તૃતીય અંશના અ.૪૧માં શ્રીહરિએ અગ્રગણ્ય કેટલાક સંતોના પુરાતન નામ કહ્યા તેમાં મુક્તાનંદ મુનિનું બીજું નામ નારદમુનિ કહ્યું છે. આ મુક્તાનંદ મુનિ સાધુતાના સંપૂર્ણ ગુણોએ યુક્ત હતા અને તેથી જ શ્રીહરિ પણ લોક શિક્ષણાર્થે તેઓમાં ગુરુ ભાવ રાખતા. વળી મુક્તાનંદ મુનિ સત્સંગમાં 'સત્સંગની મા'નું બિરુદ પામ્યા છે. આવા જે સત્સંગમાં સૌના માટે આદર્શરૂપ સંત સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અનન્ય આશ્રય દર્શાવનારું અને દોષમાત્ર દૂર કરનારું એક સ્તોત્રનું ગાન અમદાવાદ શ્રી નરનારાયણ ભગવાનના મંદિર સામે રહેલા ચોકમાં જ શ્રીહરિ સમક્ષ વિશાળ સભામાં ગાન કર્યું છે જે શ્રીહરિના આશ્રિત માત્ર મનન કરી હૃદયમાં ઉતારવા જેવું છે. જે સત્સંગિભૂષણ અંશ-૫ ના અ.-૯ માં આપેલું છે જેનો ભાવ નીચે મુજબ છે.

શ્રી મુક્ત મુનિ બોલ્યા - હે સર્વોપરી શ્રીહરિ ! હે ધર્મપુત્ર ! તમારી સેવા છોડી હું બીજા કોઈ દેવ મનુષ્યાદિકની સેવા કરું તો મારા આ બંને હાથ તિક્ષ્ણ શાસ્ત્રોથી કાપી નાખો. રસિક અને ઉદાર સ્વભાવવાળા હે હરિકૃષ્ણ ! હું તમારું ધ્યાન છોડી બીજા કોઈનું ધ્યાન કરવા માંડું તો ધારદાર કુહાડાથી મારું હૃદય છેદી નાખજો. હે ભગવંત ! તમારા વિના બીજા કોઈ દેવને ઈષ્ટદેવ જાણી તે દેવને નમસ્કાર કરું તો મારું માથું મુસળના પ્રહાર કરીને ફોડી નાખજો. હે શરણાગત વત્સલ ! તમારા વિના મને બીજામાં ઈશ્વરપણાની પ્રતીતિ થાય તો તમે મને ચંડાળથી પણ અધિક નીચ જાણજો. સ્ત્રી આદિકમાં આસક્તિ થાય તો લંપટ પુરુષોમાં પણ સૌથી

અધિક લંપટ માનજો. હે સર્વેશ્વર શ્રીહરિ ! તમારા નામનો જપ છોડી બીજા દેવનો જપ કરું તો તિક્ષ્ણ છરીથી મારી જીભ કાપી નાખજો. હે પ્રભુ ! હું મારા લલાટ વગેરે અંગો ઉપર ભયને લીધે કે લોકલાજને લીધે ઉધ્વપુંડ્ર આદિક ચિહ્નો ધારણ ન કરું તો મને જીવતો બાળી દેજો. હે સ્વામી! હું મારા જીવન નિર્વાહના લોભથી પ્રેરાઈને - જાહેરમાં તમારી ભક્તિ કરું તો મને કોઈ ઉંચા પર્વત ઉપર લઈ જઈ ત્યાંથી નીચે ફેંકી દેજો. હે શ્રીહરિ ! આપના સ્વરૂપમાં આ સંસારને હરવારૂપ સર્વોચ્ચ શક્તિ રહી છે. તેની મને દઢતા છે. મારી એ દઢતા કદાપિ જો ચલાયમાન થાય તો મને શુળીએ ચડાવજો અને તીખાં બાણ મારજો. હે અજન્મા અક્ષરાધિશ ! તમારો દાસ થઈને હું તમારા સિવાય બીજા કોઈ પુરુષાદિક પાસે સ્વાર્થી અપેક્ષા રાખું તો મને નીચ, ધૂતારા અને લંપટ પુરુષથી પણ અધિક પાપી ગણજો. હે પરમાત્મા ! યંત્ર, મંત્ર અને તંત્ર સત્ય છે. એમ માનીને તેમાં પ્રતીતિ કરું તો મને કુમતિવાળો, નિર્લજ્જ અને મૂર્ખનો સરદાર જાણવો હે સ્વામી ! હું તમારી ધર્મ રહિત ભક્તિ કરું અને છતાંય તમારાથી ડર ન રાખુ (એટલે કે ધર્મ વિનાની ભક્તિ કરીશ તો ભગવાન મારા પર કોપાયમાન થશે એવી બીક) તો મને પૃથ્વીના ભારરૂપ અસુરોના સમૂહથી પણ અતિ પાપી જાણવો. હે અચ્યુત ભગવંત ! તમે મારા ઈષ્ટ દેવ છો. તમારામાં જ રહેલી મારી મુખ્ય દઢતા જ્યારે વિચલિત થાય તે જ સમયે તમે મને કૂતરા અને શિયાળથી પણ વધુ દુષ્ટ સ્વભાવનો જાણજો. હે શ્રીહરિ ! હરિકૃષ્ણ નામવાળા આપને હું સાક્ષાત્ પામ્યો છું છતાં દેહાદિક એવા બીજા પદાર્થોમાં મારો જીવ આસક્ત થાય તો આ સંસારમાં મને મૂર્ખાઓના સરદાર જાણજો. હે સર્વેશ્વર ! પ્રત્યક્ષ મૂર્તિ એવા આપનો ત્યાગ કરીને તમારા કરતાં બીજા મનુષ્યાદિકમાં મને ક્યારેય પણ પ્રીતિ થાય તો હું પાપનો પર્વત છું. એમ માનજો. હે પ્રભુ ! જે દેવને મદ્ય, સુરા અને માંસાદિક ધરાવાતા હોય અને તે દેવ સર્વ કાર્ય કરવાને સમર્થ પણ હોય, એવા દેવની જો હું સેવા કરું તો મારા મસ્તક ઉપર વજ્રના પ્રહાર થાઓ હે ભક્તિ ધર્માત્મજ શ્રીહરિ ! તમારા સિવાય આ લોકમાં બીજા કોઈ દેવ મનુષ્યની મને ઈચ્છા થાય તો મારો આ સાધુનો વેષ નથી પરંતુ વેશ્યાનો વેષ છે એમ જાણજો.

આ પ્રમાણે મુક્તમુનિએ પોતાની શ્રીહરિ પ્રત્યેની દ્રઢતા સભામાં કહી સંભળાવી. પછી બોલ્યા કે હે ગર્વ રહિત પ્રભુ ! મેં ગાયેલું આ તમારું સ્તોત્ર જે કોઈ પ્રેમથી શ્રવણ કરે અથવા શ્રધ્ધાથી તેનો પાઠ કરે તેને તમારા આશ્રયની ખૂબ દ્રઢતા કરે અથવા શ્રધ્ધાથી તેનો પાઠ કરે તેને તમારા આશ્રયની ખૂબ દઢતા થાય છે અને શ્રોતા વક્તા બંનેનું આ લોકમાં મંગળ થાય છે. મુક્તાનંદ મુનિએ વીણાવાદન સાથે આ અનન્યાશ્રય સ્તોત્ર ગાયું. તે સાંભળી અક્ષરાધિપતિ શ્રીહરિ ખૂબ રાજી થયા. સર્વ સભાજનો પણ મુક્તમુનિની પ્રશંસા કરવા લાગ્યા.

આજે પણ ત્યાગી ગૃહી જે કોઈ આશ્રિતના જીવનમાં ઈષ્ટદેવ શ્રીહરિનો અનન્ય દઢ આશ્રય હશે તેના ઉપર શ્રીહરિ ખૂબ રાજી થવાના છે. શ્રીહરિ રાજી થાય પછી જીવનમાં કરવાનું કંઈ બાકી રહેતું નથી. સ્તોત્ર પર વિવેચન રૂપે ટૂંક સાર જોઈએ તો અનંતકોટી બ્રહ્માંડોના એકમાત્ર જો કોઈ ભગવાન હોય તો એ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે. અને એ ભગવાન વર્તમાન કાળે આપણને શ્રી નરનારાયણાદિક દેવ સ્વરૂપે સનાતન ધર્મવંશી આચાર્ય સ્વરૂપે અને શિક્ષાપત્રી આદિક સચ્છાસ્ત્ર સ્વરૂપે પ્રત્યક્ષ મળ્યા છે. શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને ગાદી પરના વિદ્યમાન ધર્મવંશી આચાર્યશ્રીની અનુવૃત્તિમાં રહીને સંપ્રદાયની સેવા થાય એ જ ઈષ્ટદેવની સેવા, મનનું ધાર્યું કંઈક જૂદું કરીએ એ કુસેવા ધ્યાનની રીતિ પણ શ્રીહરિએ વચનામૃતમાં શીખવાડી છે. ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું. કોઈ દેવ કે બ્રહ્મવેતા માણસનું ધ્યાન કદાપિ ન કરવું. શિક્ષાપત્રી પ્રમાણે રસ્તે ચાલતા શિવાલયાદિક દેવ મંદિર આવે તેને આદર થકી દર્શન, નમસ્કાર કરવા. આપણા ઈષ્ટદેવને એ દેવો વહાલા છે અને એ દેવોને આપણા ઈષ્ટદેવ વહાલા છે. પંચ દેવો તેમજ ધર્મકુળના કુળદેવ અને તેથી આપણા સૌના પણ કુળદેવ શ્રી હનુમાનજીનો સચ્છાસ્ત્રોમાં આગવો મહિમા છે તેથી સર્વોપરી ઉપાસનાના બહાના હેઠળ બહુ છકી જઈએ અને તે દેવોને નમસ્કાર ન કરીએ તો ઈષ્ટદેવની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ મોટો દોષ લાગે છે. શ્રીહરિને જડતા ગમતી

નથી. વિવેક અને નમ્રતા ગમે છે. મુક્તાનંદ સ્વામીએ પણ દુઃખી મનુષ્યોના કષ્ટ નિવારવાના હેતુથી મારુતિ સ્તોત્રની રચના કરી છે.

સ્વામી કહે છે, ઉર્ધ્વપુંડ્ર આદિક ચિહ્નો ધારણ ન કરું તો મને જીવતો બાળી દેજો. ચિહ્નોની કેટલી ખુમારી ! શ્રીહરિના આશ્રિત યુવાનોએ આ વાત ખાસ શીખવા જેવી છે. તિલક-ચાંદલો-કંઠી આદિક ચિહ્નો તો અખંડ જોઈએ. શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તાવડી જેવં કોરું કપાળ કોઈને દેખાડવામાં લાજ આવવી જોઈએ. એને બદલે કેટલાક કાયર ભક્તોને લલાટમાં તિલક ચાંદલો કરવામાં લાજ આવે છે. તેવી જ રીતે કેટલીક સધવા સત્સંગી યુવાન બહેનોને પણ લલાટમાં કુંમકુંમનો ગોળ લાલ ચાંદલો કરવામાં શરમ આવે છે. ભગવાનના ભક્ત બનવું એ શૂરવીરનું કામ છે, કાયરનું કામ નથી. ધર્મ રહિત ભક્તિ ન કરવી, ધર્મ સાથેની ભક્તિ કરીએ. કારણ કે ભક્તિમાતા પતિવ્રતા સ્ત્રી છે. જ્યાં ધર્મનું પાલન કરવામાં ન આવે ત્યાં ભક્તિમાતા રહેતા નથી. જીવનમાં ધર્મ સાથેની ભક્તિ હોય તો જ શ્રીહરિ આપણા હૃદયમાં અખંડ નિવાસ કરીને રહે છે. કારણ કે શ્રીહરિ ધર્મ અને ભક્તિના પુત્ર છે. હરિકૃષ્ણ એવા નામવાળા ભગવાન શ્રીહરિ આપણને આજે પણ મૂર્તિ સ્વરૂપે પ્રગટ મળ્યા હોવા છતાં હવે જો દેહાદિક જેવા નાશવંત પદાર્થોમાં આસક્તિ રાખીએ તો આપણે પણ મૂર્ખાઓના સરદાર જ છીએ. એ પ્રત્યક્ષ ભગવાનમાં જ પ્રીતિ સાથે માહાત્મ્યજ્ઞાન યુક્ત ભક્તિ કરીએ. વચનામૃતમાં શ્રીહરિના અમૃત વચનો જોઈએ તો... પણ ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી. અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે, ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે. માટે ભગવાનને વિષે સીતા ને રૂક્ષ્મણીના જેવી ભક્તિ કરવી અને તે ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજું જે સાધુ સિદ્ધ ગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું. (ગ.મ. ૧૯)

..... ભગવાનનો જે દ્રઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને તે આશરો અતિ દઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ (ભગવાન વિના બીજા ઉપાયના અવલંબન રૂપી પોલ રહે નહીં...... (ગ.પ્ર.પ્ર. ૩૩)

..... જેમ કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે ને તેમાં સુખ માને છે. તેમ મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે સુખને માનીને તુચ્છ પદાર્થને વિષે પ્રીતિને કરે છે. અને જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં જો હેત વધુ હોય તો તે કેવળ મીનડિયો ભક્ત છે. અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજુ કોઈ પદાર્થ અધિક હોય જ નહિ....... (ગ.મ. ૫૭)

..... તેમ જે ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દ્રઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ. કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે, અને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને. એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી દઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે હેત થાય જ નહિ, જેમ હનુમાનજી શ્રી રઘુનાથજીના ભક્ત છે, તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે. પણ હનુમાનજીને રામચંદ્રજીને વિષે જ પતિવ્રતાના જેવી ભક્તિ રહી છે. તે માટે હનુમાનજીની ભક્તિ તે પતિવ્રતાના જેવી છે. એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય. અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી. ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દઢ ભક્તિ કરવી. (ગ. અંત્ય ૧૬)

# ગાય વજાડી તાળી, ભેળા ગાય રે

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સોળેય કલાના સાધક અને પોષક હતા. તેમની પાસે મંદિર નિર્માણ ક્ષેત્રના વાસ્તુકલાના શ્રેષ્ઠ જ્ઞાતા સંતો, વાદન-ગાયન સંગીત કલાના નિપુણ સંતો, સાહિત્યક્ષેત્રે ઉચ્ચ કક્ષાના શાસ્ત્રને જાણનાર પંડિતો હતા, કથાકારો હતા, શ્રમદાન કરનાર સેવકો, શૂરવીર પાર્ષદોનો સમૂહ હતો, ભક્તિમાં લીન રહેનાર ભક્તો, ઐશ્વર્ય જણાવનાર અપાર સંતો ભક્તો હતા. ભગવાન શ્રીહરિએ પોતે ખૂબજ પ્રોત્સાહન આપીને આ નિપુણ સમૂહ ઉભો કર્યો હતો.

અહીં આ લઘુલેખમાં સંપ્રદાયની સંગીતકલાનો કિંચિત્‌માત્ર ઉલ્લેખ કર્યો છે. શ્રીહરિના સમયમાં ભક્તવૃંદ મૃદંગ, સારંગી, સરોદા, તાલ, દુકકડ ઈત્યાદિ અનેક સંગીતના સાધનો લઈને શ્રીહરિ આગળ કીર્તન ભક્તિ કરતા. શ્રીહરિ વચનામૃત ગ.પ્ર.-૨૨ માં તેમનો સિધ્ધાંત જણાવે છે કે, .... ‘‘તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે..... કીર્તન, નારાયણ ધૂન ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું......’’ વધુમાં ગ.પ્ર.-૨૬ માં પણ તેઓ જણાવે છે કે, ‘‘.....અમે પણ જ્યારે તમે રસિક કીર્તન ગાવો છો ત્યારે આંખ્યો મીંચીને વિચારીએ છીએ તે આવો જ વિચાર કરીએ છીએ.....’’

શ્રીહરિને સંગીત કલામાં અતિશય રુચિ હતી તો ગ.મ.-૧૯ માં જણાવે છે કે, ‘‘કીર્તન ગાય અને ડોલે પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને મળ્યા ને કીર્તન ગાવવા લાગ્યા.’’ સંતો પણ કેવા ? કે જેનાં પદો બ્રહ્માંડમાં ગવાય... ગોલોકમાં પણ આ બ્રહ્માનંદ તથા મુક્તાનંદ સ્વામીના પદો ગવાય છે. બ્રહ્માનંદ, પ્રેમાનંદ, મુક્તાનંદ, મંજુકેશાનંદ, અચિંત્યાનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, દેવાનંદ આદિ અનેક ઊચ્ચ કોટીના ગવૈયાઓનું શ્રીહરિ ખૂબ સન્માન કરતા - તેમને અતિશય પ્રોત્સાહિત કરતા. પ્રેમાનંદ સ્વામી જેવા કીર્તન ગાય ત્યારે શ્રીહરિ બોલી ઊઠતા કે ‘‘એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્‌ પ્રણામ કરીએ.’’ (ગ.મ. ૪૮)

વચનામૃતમાં નોંધાયેલું કે ઘણી વખત શ્રીહરિએ કથાવાર્તા અટકાવીને કીર્તન ભક્તિનો આસ્વાદ માણ્યો છે અને ઘણી વખત કીર્તનભક્તિ અટકાવીને કથાવાર્તા કરીને પોતે ઉપદેશ પણ આપ્યો છે. પ્રેમાનંદ સ્વામી નિત્ય ચેષ્ટાના પદ-૪ માં લખે છે કે,

**વાતો કરે રે, કથા વંચાયે તોયે**
**સાંભળે કીર્તન રે, પોતે કંઈક વિચારે.....**

વળી પદ-૨ માં શ્રીહરિની કીર્તન ભક્તિમાં મસ્તાઈ વર્ણવતાં લખે છે કે,

**સાધુ કીર્તન રે, ગાય, ગજાડી વાજાં,**
**તેમને જોઈ રે મગન થાય મહારાજા.**
**તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય,**
**સંત હરિજન રે નીરખી રાજી થાય.**
**ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી,**
**ભેળા ગાય રે તાળી દઈ વનમાળી.**

આ સંતોએ વિવિધ રાગો જેવા કે, ધોળ, બિભાસ, ટોડી, ભૈરવી, કેદારો, પ્રભાતી, બિહાગ, સોહની, બિલાવર, રામગ્રી, સારંગ, ગરબી, સામેરી, ગોડી, કાફી, રેખતા, કાનરો, કલ્યાણ, મેવાડો, પુરવ, જંગલો, મારૂ, ખમાચ, ઠુમરી, લાવની, દાદરા, સોહણી, ધનાશ્રી, ભૂપાળી, ઈત્યાદિક અનેક રાગ રાગીણીઓમાં સુમધુર પદોની રચના કરી છે અને સુંદર રાગથી આ ભાવવાહી પદોનું ગાન શ્રીજી સમક્ષ વારંવાર કરતા. આજે તો કદાચ આ શાસ્ત્રીય રાગો ઊપર આધારિત ભવ્ય પદો તેના મૂળ રાગમાં ગાવા-સાંભળવા વાળા ખૂબ અલ્પ પ્રમાણમાં છે.

ત્યારે અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના પંચમ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સ્મૃતિ અચૂક તાજી થઈને નજર સમક્ષ તરી આવે છે. તેઓ પોતે તો સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. સંસ્કૃતમાં તેમણે સ્વયં રચેલા શ્લોકોની એક આગવી

છાપ છે. તે ઉપરાંત તેઓ શાસ્ત્રીય સંગીતના ખૂબ ઊંડા અભ્યાસી અને જાણકાર હતા.

संगीतमपि साहित्यं सरस्वत्यां स्तनयम् ।

एकमापातमधुरमन्यदलोचनामृतम् ॥

**સંગીત અને સાહિત્ય એ તો સરસ્વતી માતાના બે સ્તન છે. સંગીત એ સેવતાંની જ સાથે જ મધુર લાગે છે અને બીજું સાહિત્ય વિચારવાથી અમૃત સમાન લાગે છે.**

સાહિત્ય અને કલાનો સુભગ સમન્વય ધરાવતા આ આચાર્યશ્રી કલાના ઉત્તમ પોષક હતા. અમદાવાદ મંદિરના સંત શ્રીવલ્લભદાસજીને તેમણે સંગીતના નિષ્ણાંત એવા ઉસ્તાદફૈયાઝખાં પાસે મોકલીને તૈયાર કરાવ્યા અને શ્રીવલ્લભદાસ સ્વામીએ સંગીત ક્ષેત્રમાં ઘણી ઉંચાઈઓ મેળવી હતી. ગવૈયાઓના અતિ કદરદાન એવા આ આચાર્યશ્રી ટોચના ગણાતા ઘણા ગાયકો ઉસ્તાદ ફૈયાઝખાં, પંડિત જસરાજજી, પંડિત ઓમકારનાથજી, પંડિત કષ્ણારાવજી, પંડિત મણીરામજી, ઉસ્તાદ લતાફતખાં ઈત્યાદિક ઘણા ગાયકોને માન સન્માન આપીને પોતાને ત્યાં તેડાવતા અને ખૂબ રસપૂર્વક શાસ્ત્રીય સંગીતની રંગત માણતા.

ડાહ્યા અને બુદ્ધિમાન લોકો વિષે કહેવાયું છે કે,

काव्यशास्त्र विनोदेन कालो गच्छतिधीमताम् ।

व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥

**બુદ્ધિમાન લોકોનો સમય કાવ્ય અને શાસ્ત્રોના વાંચન-વિનોદમાં વીતે છે જ્યારે મૂર્ખાઓનો સમય વ્યસન, ઊંઘ અને કલહમાં વીતે છે.**

આ ન્યાયે, આચાર્યશ્રી પણ અવારનવાર સાહિત્ય અને સંગીતની ગોષ્ઠી માણતાં. સાણંદના ઠાકોર સાહેબ મહારાણા જયવંતસિંહજી પણ ખૂબ સંગીતપ્રેમી હતા અને તેથી તેમને આચાર્યશ્રી પ્રત્યે અપાર પ્રેમ-લાગણી હતા તેથી ધર્મકુળ સાથે તેમને ઘરોબો હતો. તેમણે પંડિત જસરારજીને ઘણા પ્રેમથી હુંફ આપીને સાચવેલા. વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય પ.પૂ. શ્રી વ્રજરાયજી મહારાજશ્રી પણ શાસ્ત્રીય સંગીતના પ્રણેતા અને ચાહક હતા. તેઓશ્રી અવાર નવાર શાસ્ત્રીય સંગીત, હવેલી સંગીતનો આસ્વાદ માણતા અને હરિભક્તિમાં તલ્લીનતા અનુભવતા. તે આ શ્રી વ્રજરાયજી મહારાજશ્રી, ઠાકોર સાહેબ, પંડિત જસરાજજી, આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ અને લાલજીશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ અવાર-નવાર ધર્મવંશીને ઘેર મળતા અને જ્ઞાનગોષ્ઠિ સાથે સંગીતનું રસપાન કરતા. વખતો વખત આચાર્યશ્રી, સંગીતપ્રેમી સંતો હરિભક્તોને પણ ત્યાં આમંત્રતા. અને ધીમે ધીમે પંડિત જસરાજજીનો ધર્મકુળ સાથેનો સંબંધ અતિ ગાઢ થયો. પદ્મશ્રી પદ્મભૂષણ અને પદ્મવિભૂષણના ભારત સરકારના ઈલ્કાબોથી નવાજાયેલા આ જસરાજજી વર્તમાન પીઠાધિપતિ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના લગ્નોત્સવ વખતે ખાસ પધારેલા અને ધર્મવંશીને દ્વારે, ગોવિંદ દામોદર સ્તોત્ર, સંત પરમ હિતાકરી, ઈત્યાદિક આખી રાત ગાઈને દિવ્ય માહોલ રચી દીધેલ. તેમની ધર્મકુળ સાથે નિકટતા એટલી બધી હતી કે રાત્રે કાર્યક્રમની પૂર્ણાહુતિ કર્યા પછી તેમણે પોતાને પ્રિય એવા ગુજરાતી ભોજનની ખીચડી ખાવાની ઈચ્છા વ્યક્ત કરી. રાત્રે બે વાગ્યા હોવા છતાં પણ ! તેઓની કૌટુંબિક નિકટતા એટલી બધી કે પોતાનું ઘર માનીને ઈચ્છા કરી અને આચાર્યશ્રીએ વિના વિલંબે તે સ્વીકારીને તેમને તૃપ્તિ પમાડી.

વર્તમાન ગાદીપતિ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ગાદીભિષેકનો સન્માન સમારોહ જ્યારે અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડીયમમાં ભવ્યતાથી ઉજવાયો ત્યારે પંડિતજી પોતે કંઈક કામ પ્રસંગે અચાનક અમદાવાદમાં આવેલા. તેમણે ગાદીભિષેક વિષે જાણ્યું અને ઉચ્ચર્યા કે લાલજી મહારાજના પ્રસંગે તો મારે જવું જ પડશે. મારે આમંત્રણની જરૂર નથી. હું તે ઘરનો મહેમાન નહિ પણ યજમાન છું ! કેટલી આત્મિયતા, નિકટતા અને વિનમ્રતા ! તેઓ સીધા જ સ્ટેડીયમમાં આવ્યા અને મંચ ઉપરથી આશીર્વાદાત્મક શ્લોકોની ગાયકી રજૂ કરી.

વળી એક સમયે, આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આબુમાં તેમના નિવાસ સ્થાને હતા અને પંડિતજીને ત્યાં નિમંત્રેલા. રાત્રે શાસ્ત્રીય ગાયનની

જમાવટ શરૂ થઈ તે વખતે આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી લાલજી સ્વરૂપે હતા અને કોલેજમાં અભ્યાસ કરતા. ત્યારે તેઓએ ત્યાં પગમાં બૂટ પહેરેલા. પંડિતજીની નજર તે ઉપર ગઈ અને વિનમ્રભાવે તેમણે લાલજીશ્રીને શાસ્ત્રીય ગાન તો મા સરસ્વતીદેવીની આરાધના છે તેમ જણાવ્યું અને તેથી તુરંત સમજીને લાલજીશ્રી બૂટ કાઢીને તે સંગીત સમારંભમાં બેઠા. કળાની સાધના, મર્યાદા, ગૌરવ કેમ સચવાય તેની ઉત્કૃષ્ટ લાગણી સૌએ અનુભવી. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પંડિતજીની આ ટકોર અને લાલજીશ્રીની ત્વરિત સમજશક્તિને ખૂબ ઉદાર દિલે વખાણી.

નેવું વર્ષની ઉંમરે તા. ૧૭-૮-૨૦૨૦ ના રોજ જ્યારે પંડિતજીનું નિધન થયું ત્યારે આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પણ શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરીને કહ્યું કે હે મહારાજ ! આપના ચરણનું સુખ એ આત્માને આપજો.

પિતાશ્રી અને આચાર્યશ્રીના પગલે ચાલીને આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી અને વર્તમાન પીઠાધિપતિ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ કળાના સંવર્ધક અને પોષક છે. તેઓ દરેક કલાકાર, વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્ય ધરાવનાર હરકોઈનું યથા યોગ્ય સન્માન, ઘણી વખત જાહેર સમારંભો યોજીને પણ કરે છે. કારણ કે,

मान्या एव हि मान्यानां मानं कुर्वन्ति नेतरे ।
शुंभुर्बिभर्ति मूर्ध्नेन्दुं स्वार्भानुस्तं जिधृक्षति ॥

**માન આપવા યોગ્ય ઉત્તમ પુરુષોનું માન ઉત્તમ પુરુષોજ કરે છે બીજા કરતા નથી. જેમ મહાદેવ શંકર, ચંદ્રની કલાને મસ્તક ઉપર ધારણ કરે છે અને રાહુ તો તેને ગળી જાય છે.**

બધી જ કળાઓ સારી છે અને વિશેષ અભ્યાસ માગી લે છે. પરંતુ તેમાંય ગાનવિદ્યા વિશેષ અઘરી છે તે ગ.પ્ર.-૪ વચનામૃતમાં શ્રીહરિ જણાવે છે કે, નારદજી સાત મન્વંતર સુધી ગાન વિદ્યા શીખ્યા અને ભગવાન આગળ ગાયા તો પણ ભગવાન પ્રસન્ન ન થયા. પછી તુંબરું પાસે ગાનવિદ્યા શીખ્યા અને દ્વારિકામાં શ્રીકૃષ્ણ ભગવાન આગળ ગાયું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા.

આપણા ધર્મવંશી આચાર્યશ્રીઓને પરાપૂર્વથી સંગીતકલા ઉપર અતિશે પ્રેમ છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ અસંખ્ય કીર્તનોની રચના કરીને શ્રીજી સમક્ષ ગાયા છે. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને શાસ્ત્રીય સંગીત પ્રત્યે ઊંડી શ્રધ્ધા-લાગણી-ભાવ એટલે જ હતો કે તે કલા શ્રીહરિને અતિ પ્રિય હતી. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ દેહત્યાગના આગલે દિવસે પણ શાસ્ત્રીય ગાન સાંભળવાની ઈચ્છા લાલજીશ્રી તેજેન્દ્રપ્રસાદજી સમક્ષ કરેલી અને લાલજીશ્રીએ તત્કાળ તે સમયે ઉપલબ્ધ રેકોર્ડો, વગેરેથી તે પૂર્ણ કરેલ. તે સાંભળીને આચાર્યશ્રી તુર્તજ શ્રીહરિના સાનિધ્યમાં લીન થઈ જતા. આવો ઉત્કૃષ્ટ તેમનો સંગીતપ્રેમ હતો.

જે હરિભક્તોને સંગીતમાં રુચિ હોય તેમણે જૂના સંતો પાસેથી આપણા પ્રસાદીના કીર્તનોના મૂળ રાગ સાંભળીને તે શીખવાનો આગ્રહ રાખવો. ડી.જે. ના તાલે કીર્તનો ગવાય નહિ. તેનાથી શ્રીજીનું સાનિધ્ય પમાતું નથી. માટે પ્રસન્ન ચિત્તે, શ્રીજીની મૂર્તિને હૃદયમાં ધારીને ગાવાનો અભ્યાસ રાખવો. શ્રીહરિ અને આપણા આચાર્યશ્રીઓએ જે કલાનું જતન કર્યું, જેની માવજત કરી અને વારસો આપણને સોંપ્યો છે તેનું માહાત્મ્ય સમજવું. શ્રીજીના સમયમાં વપરાયેલા સંગીતના ઘણા પ્રસાદીના સાધનો આજે પણ સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શનાર્થે રખાયેલ છે તેના ભાવથી દર્શન કરવા.

## વિદેશના અંકના સભ્યોને સૂચન

હાલના કોરોના મહામારીના કારણે ઈન્ટરનેશનલ પોસ્ટ ખાતાની સેવા બંધ હોવાથી આપને અંક મોકલી શકતા નથી. જેથી આપ સૌએ આપણી વેબ સાઈટ પરથી તેનું વાંચન કરી લેવું. પોસ્ટની સેવા ચાલું થશે ત્યારે નિયમિત અંકો મોકલાશે. જેની સૌએ નોંધ લેવી.

# ભગવાનનો સંબંધ કોને થયો કહેવાય?

- જયંતિભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

વ્રત, તપ, નિયમ, સત્સંગ, નવધાભક્તિ, ધ્યાન વિગેરે શ્રીજીનાં પ્રસન્નતાના સાધન કરીએ છીએ. તેમાંથી ભગવાનનો સંબંધ કોને છે. અથવા કોને થયો કહેવાય. (ગ.પ્રથમ-૬૨) વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સંબંધની વ્યાખ્યા આપી છે, જેને ભગવાનના સ્વરૂપનો યથાર્થ મહિમાએ સહિત નિશ્ચય હોય તેને જ ભગવાનનો સંબંધ કહેવાય. જેને જે સંગાથે સંબંધ હોય તેનાં ગુણ તેમાં સહેજે આવે છે. ભગવાનના સંબંધે કરીને જ ભગવાનનાં કલ્યાણકારી ગુણ આવે છે. પણ વ્રત, તપ, નવધાભક્તિ વગેરે સાધન કરતા હોય પણ સર્વોપરી સર્વ અવતારના કારણ સદા દિવ્ય સાકાર સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય ત્યારે જ ભગવાનનો સંબંધ થાય ત્યારબાદજ અક્ષરધામની પ્રાપ્તિ થાય.

મહારાજ કહે છે અમે ત્યાગનો પક્ષ મોળો કરીને મંદિરોની સ્થાપના કરીએ છીએ. જેથી પરંપરા ઉપાસના જળવાઈ રહે. શ્રીજી મહારાજે મંદિરોની સ્થાપના કરી સ્વહસ્તે પોતાના સ્વરૂપો પૂજવા માટે પધરાવ્યા, પોતાના સ્થાને ધર્મવંશી આચાર્યની સ્થાપના કરી, દીક્ષીત સંતો કર્યા, ગુરુ મંત્ર આપી હરિભક્તો કર્યા, સત્શાસ્ત્રો કર્યા અને કરાવ્યા આવી સુંદર ધર્મમર્યાદા બાંધી જેમાં રહીને ભજન-ભક્તિ કરવાથી આત્યંતિક કલ્યાણ નિશ્ચયે થાય જ. સંતો માટે ભગવાને બાંધેલા ત્યારબાદ તેમના સ્થળે ધર્મવંશી આચાર્ય મંદિર બાંધી મૂર્તિઓ પધરાવેલ તે સ્થાન તેમનાં માટે આશ્રય સ્થાન છે. જેથી ઉપાસના યથાર્થ જળવાઈ રહે. આનો સીધો અર્થ એ થાય કે મંદિરો ઉપરોક્ત વ્યાખ્યા મુજબ જે હોય તેમાં રહે અને ઉપાસના કહે તે સાધુની વ્યાખ્યામાં આવે છે. કારણ કે સાધુ થાય ત્યારે પોતાની જાતને પણ ભગવાનને સમર્પિત કરી દીધેલ હોય છે. માટે પોતાનું આગવું કાંઈ પણ હોઈ શકે નહિ. પરંતુ જે કાંઈ કરવું તે પોતાના ઈષ્ટદેવના નામનું જ કરવું. અમદાવાદના આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી વારંવાર કહે છે કે જો મંદિરનો દસ્તાવેજ દેવના નામનો હશે ત્યાંજ અમે મૂર્તિ પ્રતિષ્ઠા કરવા જઈશું. અન્યથા અમને કોઈ રસ નથી. પોતાના નામે પ્રાઈવેટ ટ્રસ્ટ બનાવી મહેલ જેવા મોટા મોટા સંસ્થાના બનાવવા કે પ્રાઈવેટ મંદિરો કરવા તે ભગવાનની સંપૂર્ણ આજ્ઞા વિરુદ્ધનું છે. ગમે તેટલી જ્ઞાનસભર કથા-વાર્તા કરતા હોય પણ આચરણ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ હોય ત્યાં ભગવાનનો રાજીપો કેવી રીતે હોય. ઈષ્ટદેવમાં સંપૂર્ણ ભગવાનપણાનો ભરોંસો હોય તો પોતાનું એક તણખલા જેટલું પણ આગવું હોય જ નહિ. આગવું કરીને મૂળ સંપ્રદાયના મંદિરોને ધક્કો પહોંચાડવો એટલે કે ભગવાનના જ ભાગીયા થયા. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે દરેકની આજ્ઞા લખી છે. તે આજ્ઞામાં રહી ઉપાસના ભક્તિ કરવી એજ આપણી પ્રાથમિક ફરજ સમજી મહારાજને રાજી કરવા.

એક કોડી જેટલું ધન પોતાનું કરીને રાખે તેના મુખની કથા-વાર્તા પણ ન સંભળાય. તેવી આજ્ઞા ધર્મશાસ્ત્રમાં સત્સંગિજીવનમાં પણ કહેલ છે.

માટે જો ભગવાન જોડે સંબંધ બાંધવો હોય તો યથાર્થ આજ્ઞા-ઉપાસના જ દ્રઢ કરીએ તોજ ભગવાનનો સંબંધ થયો કહેવાય તેને જ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. અન્ય ગુણ બુદ્ધિ વાળા ગણાય. માટે બીજા બધા સાધનનો ત્યાગ કરીને ભગવાનને રાજી કરવા તેમણે બાંધેલી ધર્મમર્યાદામાં રહી શુધ્ધ ઉપાસના કરવી ખૂબજ આવશ્યક છે. મનગમતું મુકીને પણ ભીડામાં રહીને ભગવાનને રાજી કરવાનું તાન જ અક્ષરધામ સુધી પહોંચાડશે. માટે દરેકે પોતાના મનમાં વિચાર કરી મનનું ગમતું મુકીને ભગવાનના ગમતામાં રહીને આ મોંઘો મનુષ્ય દેહને સાર્થક કરવો એ જ અભ્યર્થના.

# શ્રીહરિ ચરિત્ર ચિંતામણી : ગ્રંથ પરિચય

- મહાદેવપ્રસાદ જોષી (ન્યુ રાણીપ)

સ્વામિનારાયણ સંપ્રદાયમાં કેટલાય ગ્રંથો આજે પણ સંપ્રદાયનાં અમૂલ્ય આભૂષણો ગણાય છે. ભગવાન સ્વામિનારાયણનાં લીલા ચરિત્રો ગેય સ્વરૂપે પદ્યમાં ગુજરાતી ભાષામાં રચાયેલ એક ગ્રંથ ''શ્રી હરિચરિત્ર ચિંતામણી'' વિષે વિશેષ પ્રકાશ પાડવાનો અત્રે નમ્ર પ્રયાસ કરેલ છે. જે જિજ્ઞાસુ ભક્તોને અચૂક ગમશે.

આ ગ્રંથના રચયિતા સદ્ગુરુ દયાનંદ સ્વામી છે જેમનું બીજું નામ ઉત્તમાનંદ સ્વામી પણ હતું. પોતાના આરાધ્ય ભગવાન સ્વામિનારાયણનાં અનેક વિધ ચરિત્રોને લાક્ષણિક ઢબે મૂર્તિમંત કરવાનો અને તેને શબ્દદેહ આપવાનો શુભ સંકલ્પ થતાં સ.ગુ. ઉત્તમાનંદ સ્વામીએ શ્રી નરનારાયણદેવ મંદિર અમદાવાદ ખાતે સંવત ૧૯૧૭ ની કારતકી પૂનમ અને બુધવારે સંપ્રદાયના એક ઉત્તમ ગ્રંથ ''શ્રી હરિચરિત્ર ચિંતામણી'' ની રચના કરી.

આ ગ્રંથમાં ૨૦૪ કડવાં છે, ૫૧ પદો છે અને ૧૬૮૫ ચરણ છે. ઉપલબ્ધ વિગત અનુસાર સ.ગુ. દયાનંદ સ્વામીનું વતન અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનું રેથલ નામનું ગામ હતું. તેમનો જન્મ સંવત ૧૮૪૫ માં થયેલો. તેમના પિતાનું નામ સુંદરજી તથા માતાનું નામ અમૃતબાઈ હતું. આ ગ્રંથ દ્વારા હરિભક્તોને ભગવાન સ્વામિનારાયણનાં ચરિત્રો તથા વિવિધ પરચાઓ અંગેની માહિતી મળે છે. ભગવાને તેમના જીવનકાળ દરમ્યાન કરેલ વિવિધ વિચરણોની વિગતો પણ જાણવા મળે છે.

આવા ઉમદા સાહિત્યનું ગાન-વાચન દરેક હરિભક્તને ભક્તિરસમાં તરબોળ કરી દે છે. આપણા સંપ્રદાયમાં સ.ગુ. દયાનંદ સ્વામીએ અન્ય સાહિત્ય ઉપરાંત કેટલાંક મધુર કીર્તનો પણ પ્રદાન કરેલાં છે. ''શ્રી હરિચરિત્ર ચિંતામણી'' ગ્રંથ જોઈ-વાંચીને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ પણ સ્વામી સમક્ષ ખૂબ રાજીપો વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામીને શ્રીજી મહારાજની ભક્તિનું અનોખું અંગ હતું.

સ્વામીએ સંવત ૧૯૨૨ માં વિસનગર મુકામે ધામગમન કરેલું. હાલ ત્યાં છત્રી વિદ્યમાન છે. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ત્યારે સંપ્રદાયનો એક વિરલ સિતારો ખરી પડ્યો. કહી શોકાંજલિ આપેલી.

આવા સંતોના જીવન-કવન આપણા સહુ માટે ખરેખર પ્રેરણાદાયી હોય છે. તેઓ રચિત સાંપ્રદાયિક સાહિત્ય મુઠ્ઠી ઊંચેરુ છે, એ એક નિર્વિવાદ હકીકત છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર કોઠાર ઓફિસ**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



આપણો પાડોશી દેશ ચીન પહેલા કોરોના વાયરસના કારણે અને હાલમાં સરહદ વિવાદના કારણે ચર્ચામાં રહેલ છે. પરંતુ ચીનના હાથ પંખા અવનવી ડિઝાઈન દ્વારા પ્રાચીન કાળથી સમગ્ર વિશ્વમાં એક આગવી ઓળખ ઉભી કરી શક્યા છે. શ્રીજી મહારાજના સમયમાં આજના જેવા એ.સી.ની શોધ નહોતી અને ગરમી ખૂબ પડતી વળી વાહનવ્યવહાર પણ હાલના સમય પ્રમાણેનો આધુનિક નહોતો. ધોમ ધખતા તડકામાં શ્રીજી મહારાજ સહિત સૌ સંતો હરિભક્તોને ચાલીને કે ગાડામાં પ્રવાસ કરવો પડતો. અને જ્યાં રોકાણ હોય ત્યાં પણ પરસેવે રેબઝેબ કરતી અસહ્ય ગરમી રહેતી. તેની સાક્ષી પૂરતુ શ્રીજી મહારાજનું પ્રસાદીનું અંગરખું હોલ નંબર - ૧માં રાખવામાં આવેલ છે. જેમાં બગલના ભાગે શ્રીજી મહારાજના પરસેવાનું નિશાન જેમ ને તેમ રાખવામાં આવેલ છે. ગરમીથી બચવા આવા ચાઈનીઝ ડિઝાઈનના ફોલ્ડીંગ હાથ પંખા તે સમયે ઉપયોગમાં લેવાતા. આ પંખો શ્રીજી મહારાજ અમદાવાદમાં રંગમહોલમાં વસવાટ દરમ્યાન ઉપયોગમાં લેતા તે હાલ મ્યુઝિયમના હોલ નંબર -૬માં દર્શનાર્થે મુકવામાં આવેલ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-સપ્ટેમ્બર-૨૦૨૦

| | |
|---|---|
| તા. ૧૯-૦૯-૨૦૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) દરબારગઢ મોરબી - હ. સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા. |
| તા. ૨૦-૦૯-૨૦૨૦ | (સવારે) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - વિસનગર - હ. કોઠારી પરેશભાઈ |
| | (બપોરે) શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ સાબરમતી - હ. નયનાબેન સુમનભાઈ પટેલ |
| તા. ૨૩-૦૯-૨૦૨૦ | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - રાણીપ - હ. કપિલાબેન પટેલ |
| તા. ૨૬-૦૯-૨૦૨૦ | પ.ભ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ - મેમનગર - હ. ઈશ્વરભાઈ ગંગારામભાઈ પટેલ |
| તા. ૨૭-૦૯-૨૦૨૦ | (સવારે) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) દરબારગઢ મોરબી - હ. સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા. |
| | (બપોરે) શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - વડુ - હ. વિષ્ણુભાઈ ભગત |
| તા. ૨૮-૦૯-૨૦૨૦ | શ્રી દયાળજીભાઈ રૂડજીભાઈ ગાંગાણી - નવાવાડજ - હ. મધુકર ગાંગાણી - ન્યુઝીલેન્ડ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર-૨૦૨૦

| | |
|---|---|
| રૂા. ૬,૮૮,૭૫૦/- | પ.ભ. નીતિન હિરજીભાઈ વરસાણી (ફલોરીડા-અમેરિકા) |
| રૂા. ૩,૩૧,૫૮૦/- | પ.ભ. કલ્યાણ જેસાણી (સ્ટ્રેધામ-યુ.કે.) |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. નારણ પ્રેમજી વેકરીયા (સ્ટ્રેધામ-યુ.કે.) |
| રૂા. ૧૧,૭૦૦/- | અ.નિ. પ.ભ. ભાલજા સાહેબના જન્મ દિવસ (ભા.વ.-૧૦) ઉજવણી નિમિત્તે હ. રાજેન્દ્ર પટેલ (એડવોકેટ-હાઈકોર્ટ) તથા ઋત્વિજ પટેલ (એડવોકેટ-હાઈકોર્ટ) |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. ભાલજા સાહેબ (મોટાભાઈ)ના જન્મ દિન નિમિત્તે - હ. પ.ભ. વિભાકરભાઈ પંડ્યા. |
| રૂા. ૧૧,૦૦૦/- | પરમાર ગંભીરસિંહ જગમાલભાઈ - હ. પરમાર મિત્રાજસિંહ ગંભીરસિંહ (બળોલ-ભાલ-અમદાવાદ) |
| રૂા. ૧૦,૦૦૧/- | પ.ભ. નારણભાઈ કાનદાસ પટેલ (ડાંગરવાવાળા-રાણીપ) |
| રૂા. ૧૦,૦૦૦/- | ચિ.ધર્મ ના જન્મ નિમિત્તે - હ. જયેશભાઈ ચંદુભાઈ પટેલ - ખેરવા (જતના) |
| રૂા. ૫,૧૦૦/- | અ.નિ. લલીતભાઈ જગજીવનભાઈ ઠક્કર - હ. રાજુભાઈ ઠક્કર (વાસણા) |
| રૂા. ૫,૦૧૧/- | પ.ભ. મધુબેન ભરતભાઈ પટેલ (અંબાપુરવાળા-ગાંધીનગર) |
| રૂા. ૫,૦૧૧/- | પ.ભ. હિમાની સુરજકુમાર પટેલ (ગાંધીનગર-યુ.એસ.એ.) |
| રૂા. ૫,૦૧૧/- | પ.ભ. અરૂણભાઈ નારણભાઈ પટેલ (અંબાપુર) |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. શારદાબેન શીવાભાઈ પટેલ - હ. શીવાભાઈ પટેલ (કુબડથલ) |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. દેવચંદભાઈ શામજીભાઈ ડોબરીયા (હીરાવાડી-બાપુનગર) |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. મીનાબેન કે. જોષી સહ પરિવાર (બોપલ) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે**
**શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા**
**૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### માણસને પશુ થવું છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાલ મિત્રો ! આજે આપણે બાલ ઘનશ્યામ મહારાજના અયોધ્યા નિવાસ દરમ્યાન બનેલો એક પ્રેરણાદાયી પ્રસંગ વાંચીએ.

ઉત્તર ભારતમાં અયોધ્યાનગર બહુ પ્રસિધ્ધ છે. ભારે પવિત્ર નગર છે. ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાદુર્ભાવ તે નગરમાં થયેલો છે. આખા યે અયોધ્યાનગરમાં હજારોની સંખ્યામાં કોઈ નાના તો કોઈ મોટા જ્યાં જુઓ ત્યાં શ્રીરામચંદ્રજી ભગવાનના મંદિરો છે. અયોધ્યામાં જ્યાં આપણું મંદિર છે ત્યાં ધર્મપિતાનું ઘર હતું. પ્રભુ નાના હતા ત્યારે થોડા વર્ષ અયોધ્યામાં નિવાસ કર્યો હતો. પ્રભુ દરરોજ સવારે વહેલા ઉઠી સરયુમાં સ્નાન વિધિથી પરવારી મિત્રો સાથે શ્રી રામજન્મભૂમિ, હનુમાનગઢી વગેરે સ્થાનકોમાં દર્શન કરવા પ્રભુ નિત્ય પધારતા. બધા મંદિરોમાં દર્શન કરી પાછા આવે ત્યારે પ્રભુના ઘરની નજીકમાં જ મહાદેવજીનું નાનું મંદિર હતું ત્યાં આવી પ્રભુ દર્શન કરી ઓટલે થોડીવાર સુધી બેસતા. ઘનશ્યામ મહારાજનો આ નિત્યક્રમ હતો. વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાન સ્વમુખે આ વાત કરતા કહે છે કે જ્યારે અમે આ મંદિરને ઓટલે બેસતા ત્યારે ત્યાં એક મહાદેવજીનો ભક્ત દરરોજ એ જ સમયે દર્શને આવતો. વિધિસર પૂજા કરે. જળ ચઢાવે, ફૂલ ચઢાવે, ચંદન ચઢાવે પછી ગાલ બજાવી મહાદેવજીને રીઝવે અને પછી મોટેથી બોલીને મહાદેવજી પાસે વરદાન માંગતો. વરદાન તે કેવું, સાંભળવા જેવું !

હે ભોળાનાથ ! જો તમે મારા પર પ્રસન્ન થયા હો અને મારા પુણ્ય હોય તો મને આના પછીનો બીજો જન્મ લંબકર્ણનો આપજો. મારે માણસ થવું નથી. કારણ કે મનુષ્ય જન્મમાં લાજ શરમ અને ધર્મ મર્યાદાઓના લીધે મન ફાવે તેમ વાસના ભોગવી શકાતી નથી. માટે મને મારા મૃત્યુ પછી બીજા જન્મમાં મનુષ્ય ન બનાવતા. લંબકર્ણ બનાવજો જેથી કોઈ જાતની રોકટોક વગર મન ફાવે તેમ વર્તી શકાય. પ્રભુએ ગઢડા અંત્યના ૧૪ માં વચનામૃતમાં આ પ્રસંગ યાદ કરી પછી તેનું વિવેચન કરતા કહ્યું -

ભગવાને કૃપા કરીને આ મનુષ્ય જન્મ આપ્યો છે. સારા દેશ સારા સમયમાં આ મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઈ છે. તે આપણા ઉપર ભગવાનની મોટી કૃપા છે. મનુષ્ય જન્મ ચિંતામણી તુલ્ય છે. જો જીવ ધારે તો આ મનુષ્ય જન્મમાં ભગવાનની ભક્તિ કરીને જીવનો મોક્ષ સાધી શકે છે. આવો આ અમૂલ્ય મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને જો મનુષ્ય મોક્ષ પ્રાપ્તિનો માર્ગ ન શોધી શકે તો ''पुनरपि जननं पुनरपि मरणं'' જન્મ મરણના ચક્રમાં અટવાયેલો રહે છે.

આવા મોંઘા મનુષ્ય જન્મની પ્રાપ્તિ થયા છતાં જેના હૃદયમાં પાપરૂપ મલિન વાસના ઘર કરી જાય ત્યારે તેવા મનુષ્યને ઢોરનો અવતાર લઈ વાસના સંતોષવાનું મન થાય છે. જ્યાં સુધી માણસને પોતાના મન ઉપર અંકુશ નથી ત્યાં સુધી ભલે ને ચૌદ લોકનું આખું બ્રહ્માંડ કબજે કરે પણ તે ધરાશે જ નહીં. માણસ જાત જ્યારે મનને વશ થઈ જાય, મનનો ગુલામ બની જાય ત્યારે કેટલી બધી હલકી વૃત્તિઓ એનામાં જન્મે છે તે વાત શ્રીહરિએ પોતાના બાળપણામાં જોયેલા આ બનાવને યાદ કરીને વર્ણવી છે.

આટલી વાત કર્યા પછી દયાળુ ભક્તવત્સલ ભગવાને ભક્તો પર કૃપા કરીને મલિન વાસના ટાળવાનો ઉપાય બતાવ્યો છે. - જેને એવી મલિન વાસના ટાળવી હોય તેણે પવિત્ર દેશ, પવિત્રકાળ, પવિત્ર ક્રિયા અને પવિત્ર સંગના યોગે કરીને સત્કર્મમાં પ્રવૃત્ત થવું. જો જીવ સત્કર્મમાં પ્રવૃત થાય તો તેના ભુંડા પાપકર્મોનો નાશ થઈ જાય છે. જેને સેવામાં દૃઢ પ્રતિતિ થાય (સેવા કરવાનું વ્યસન પડી જાય) તેની જન્મોજન્મની મલિન વાસનાઓનો તત્કાળ નાશ થઈ જાય છે. પછી એવા શુધ્ધ હૃદયમાં ભગવાન પ્રત્યેની દૃઢ પ્રીતિ થઈ શકે છે.

મહાત્મા તુલસીદાસજી કહે છે -

**"રામ તહાં કામ નહી, કામ તહાં નહી રામ,**
**તુલસી દોનો નવ રહે, રવિ રજની એક ઠામ."**

જ્યાં વિષય વાસના હોય ત્યાં ભગવાન રહી શકતા નથી અને જ્યાં ભગવાનનો વાસ હોય તેવા હૃદયમાં વિષય વાસના પ્રવેશી શકતી નથી. જેમ સૂર્ય અને રાત્રી એક સાથે સંભવી ન શકે તેમ વિષય વાસના અને ભગવાનની ભક્તિ એક સાથે ટકી શકતાં નથી.

માટે વિષય વાસનાનો ત્યાગ કરી ભગવાનની ભક્તિ કરીને મનુષ્ય જન્મની પ્રાપ્તિ જે જીવનો મોક્ષ સાધી લેવો.

●

### કથાથી કલ્યાણ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

જુના જમાનાની વાત છે. વાત જુની છે. છતાં અદ્યાપિ પ્રેરણા લેવા જેવી છે. એક રાજાને એવો રસ જાગ્યો કે મારે ત્યાં દરરોજ શ્રીમદ્ ભાગવતની કથા થાય તો ઘણું સારૂં.

આપણી વાહ વાહ થાય, વટ પડે. તેમણે પોતાના મંત્રી મંડળમાં આ વિચાર પ્રસ્તાવ મુક્યો. ભાગવત કથાની વાત કોણ ઠુકરાવે ! સહુએ આ પ્રસ્તાવ સર્વ સંમતિથી માન્ય કર્યો. તરત જ તૈયારીઓ શરૂ થઈ ગઈ.

કથા માટે પુરાણીજી સાથે બધું પાકું ગોઠવી દીધું. અને સારા દિવસથી કથાનો શુભારંભ થઈ ગયો. દરરોજ સાંજે ૭ થી ૮ કથા થાય. રાજા, અમલદારો તથા પ્રજાજનો દરરોજ આ કથાનો લાભ લેવા લાગ્યા. આ બાબતે પ્રજાજનોમાં રાજાની પ્રશંસા પણ થવા લાગી. ધન્ય છે. આવા રાજવીને કે જેણે કથાનું આવું સરસ સદાવ્રત ચાલું કરાવ્યું. રાજા આ પ્રશંસાથી વધુને વધુ પ્રસન્ન રહેવા લાગ્યા.

કાયમી કથા હોવાથી પુરાણીજી માટે સારા પ્રમાણમાં દક્ષિણાની વ્યવસ્થા થઈ હતી. વળી વારે તહેવારે કાંઈ ને કાંઈ ભેટ સંગાધો પણ પ્રાપ્ત થતી તેથી પુરાણીજીને હવે બીજે આમંત્રણ મળે કે ન મળે તેની કોઈ ચિંતા નહોતી. સારી રીતે કથા થાય પછી સમાપ્તિ વખતે પુરાણી થોડી રાજાની પ્રશંસા પણ કરતા રહેતા.

સમય સમયનું કામ કરતો જ રહે છે. આમને આમ દશ વર્ષનો સમય પસાર થઈ ગયો. રાજાને માટે તેમની પ્રશંસા અને પુરાણીજી માટે દક્ષિણા જીવનનો નિત્યક્રમ બની રહ્યા.

એક દિવસ રાજાને વિચાર આવ્યો. આ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાથી પરીક્ષિત રાજાનો સાત દિવસમાં મોક્ષ થઈ ગયો હતો. પરીક્ષિત રાજા હતા, હું પણ રાજા છું, હું દશ વર્ષથી કથા સાંભળું છું. પણ મને તો કલ્યાણ કે મોક્ષ પ્રાપ્તિનો માર્ગ શું ? તેની પણ ખબર પડી નથી.

બીજા દિવસે કથાની શરૂઆતમાં જ રાજાએ પુરાણીજીને કહ્યું, આજે કથા પહેલાં તમે મારી શંકાનું સમાધાન કરો. જો તમારી પાસેથી સાચું સમાધાન મળે તો કથા કરવાની, નહી તો હવે કથા બંધ. રાજા કહે છે, પુરાણીજી ! પરીક્ષિતે આ જ કથા સાંભળી તો સાતમાં દિવસે તેનો મોક્ષ થઈ ગયો. જ્યારે દશ વર્ષથી કથા સાંભળ્યા છતાં મને મોક્ષ શું છે તેની પણ ખબર પડી નથી. આવું કેમ ? મને આ શંકાનું સમાધાન થાય તો જ કથા થાય. નહી તો કાલથી કથા પણ બંધ અને તમારૂં સાલિયાણું પણ બંધ.

પૂરાણીજી બરાબર ગભરાઈ ગયા. હવે શું થાય ! જો સમાધાન નહી થઈ શકે તો મારૂં સાલિયાણું બંધ થઈ જશે. રાજાને એમ કહી ન શકાય કે તમે ખોટા છો નહી તો જીવનથી જવાય. પુરાણીજીની ચિંતાનો પાર ન રહ્યો. રાજાએ આપેલો પલંગ, રાચરચીલું, ભેટ સોગાંદો આજે જાણે બધું કડવું ઝેર લાગવા માંડ્યું હતું.

પોતાના પિતાની આ દશા જોઈ તેમનો યુવાન પુત્ર કે જે વિદ્વાન પણ હતો તેણે પિતાને કહ્યું - તમારે ગભરાવાની જરૂર નથી. તમે ચિંતા ન કરો. આવતી કાલે તમે કથા કરવા ન જશો, હું જઈશ. બીજા દિવસે નિયત સમયે બધાની નવાઈ વચ્ચે પુરાણીની જગ્યાએ તેમનો પુત્ર કથા વાંચવા બેસી ગયો. રાજા કહે, તમારા પિતાજી કેમ ન આવ્યા ? મારી શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી તમારે પણ કથા વાંચવાની નથી. આ પુરાણીજીનો પુત્ર કહે છે, મહારાજ ! તમારો પ્રશ્ન ગંભીર છે. જો તમારે એનું સમાધાન જોઈતું હોય તો થોડા કલાકો પુરતી તમામ સત્તાઓ મને મળે તેવી વ્યવસ્થા કરો.

રાજાને સમાધાન મેળવવાની ઈચ્છા હોવાથી સંમત થયા. અને સર્વ સત્તા આ પુરાણીજીના પુત્રને સોંપી. સત્તા મળતાની સાથે આજ્ઞા કરવામાં આવી. મારા પિતાને અહીં બોલાવી લાવો. પુરાણીજી હાજર થયા. બીજો ઓર્ડર છૂટ્યો. - મારા પિતા અને આ રાજા બંનેને એક એક ઝાડ સાથે બાંધી દેવામાં આવે. તે પ્રમાણે થયું. હવે બહુવિધ પકવાનોનો થાળ અહીં હાજર કરો. થોડી જ વારમાં બહુવિધ પકવાનોનો થાળ હાજર થયો.

જે વૃક્ષો સાથે આ બંનેને બાંધ્યા હતા તે બંને વૃક્ષની વચ્ચે આ થાળ મૂક્યો. પછી આ પુરાણીનો પુત્ર રાજાને અને તેના પિતાને કહે - આ સુંદર પકવાનો તમે બંને જણા જમો. બંને અચરજ પામી કહેવા લાગ્યા. અમે બંને બંધાયેલા છીએ તો કેવી રીતે જમી શકીએ !! આ પુરાણીજીનો પુત્ર કહે છે, હે રાજન્ ! હે પિતાશ્રી ! રાજાની શંકા અને તમારી ચિંતાનું આ જ સમાધાન છે. રાજા ! તમે અને મારા પિતા બંને બંધાયેલા છો, કોણ કોને છોડાવી શકે ! રાજન્ ! તમે તમારા માન-પાન અને કીર્તિના સ્વાદથી બંધાયેલા છો અને મારા પિતાને એમ છે કે આ કથાથી મારી આજીવિકા ચાલે છે. એમ કથાને સ્વાર્થના સાધન તરીકે ગણીને તે પણ બંધાયેલા છે.

શુકદેવજી મહારાજ નિઃસ્પૃહી હતા. તે બંધાયેલા નહોતા તેથી પરીક્ષિતને છોડાવી શક્યા. સામે પરીક્ષિતને પણ પોતાની વાહવાહ કે કીર્તિનો સ્વાર્થ ન હોતો. તેમણે સંસારથી છૂટવા માટે કથા બેસારી હતી. તેથી તેમનો મોક્ષ થયો. આવી ઉચ્ચભાવના તમારા બંનેમાંથી એકેમાં નથી. તેથી તમને કલ્યાણની ખાત્રી થતી નથી. રાજાને સંતોષકારક જવાબની પ્રાપ્તિ થતા પુરાણીજીના પુત્રને મોટું ઈનામ આપ્યું અને નવી ભાવનાઓ સાથે કથા ચાલું થઈ.

માટે જ સ્વામિનારાયણ ભગવાન જેમને કોઈ સ્વાર્થ ન હોય તેવા નિઃસ્વાર્થી ભક્તજનોના મુખે કથા શ્રવણ કરવાની આજ્ઞા કરી છે કે જેથી આ ભવબંધનમાંથી સહેજે સહેજે છુટીને કલ્યાણની પ્રાપ્તિ કરી શકાય.

મિત્રો ! યાદશી ભાવના યસ્ય, સિધ્ધિર્ભવતિ તાદશી - એટલે કે જેવી જેની ભાવના તેવું તેને ફળ મળે છે. માટે શુભ નિષ્ઠાથી કરેલું કર્મ બંધનથી મુક્ત કરે છે અને ભગવાન પણ એવા શુભકર્મને જરૂર સ્વીકારે છે.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''ભગવત્ પ્રાપ્તિ થશે એવી અનુભૂતિ ક્યારે થાય ?''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે જે આ સત્સંગ કરીએ છીએ તે આપણી ભગવદ્ પ્રાપ્તિ માટેની યાત્રા છે. તો આપણી બાહ્ય જગતની જે યાત્રા હોય છે. આપણે એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા હોય તો રસ્તામાં જે પાટિયા (માઈલ સ્ટોન) લગાવેલા હોય છે. જુદાં જુદાં સ્ટેશને પહોંચવા માટેના કે આ જગ્યા અહિંયાથી આટલા કિલોમીટર થાય છે. એટલે આપણને ખ્યાલ આવી જાય છે. પણ આપણી જે ભગવદ્ પ્રાપ્તિ માટેની યાત્રા છે તેમા કોઈ **પાટિયું આવે ખરુ ? કે ક્યારે પહોંચીશું ?** તો તેના માટે પણ ખબર પડે છે. **તો કેવી રીતે ખબર પડે ?** તો તેના પણ અમુક પડાવ હોય છે. તે ઉપરથી આપણને 'સંકેત' મળી જાય છે. તો તેનું પ્રથમ સોપાન છે.

**(૧) શ્રધ્ધા :** તો પ્રથમ સોપાન શ્રધ્ધામાં જ આપણને સંશય થતો હોય છે કે **જે ભગવાનને હું ભજુ છું એમના થકી મને 'મોક્ષ' પ્રાપ્ત થશે ખરો ? શું એ જ સાચા ભગવાન છે ?** જેવી રીતે તમે માઈલ સ્ટોન લગાવેલા જુઓ છતાં પણ સંશય થાય કે આ સાચું હશે કે નહિ હોય ? તો તમારી આગળની યાત્રા શક્ય થશે જ નહિ ત્યાં જ અટકી જશે અને એમ થશે કે આગળ વધુ કે ના વધુ કોઈને પૂછી લઉં. તેવી રીતે આપણને મંદિરમાં ભગવાનમાં શ્રધ્ધા હોવી જોઈએ. જો સંશય આવી જાય તો ત્યાં ને ત્યાં જ રોકાઈ જવાય છે. **તો એ તો આપણે ભગવાનને એવું કહીએ છીએ કે પહેલા મારા ઉપર કૃપા કરો પછી મને શ્રધ્ધા જાગશે. તો એ તો એવી વાત થઈ કે પહેલા મને પરિણામ આપો પછી હું પરીક્ષા આપીશ.** તો એવું ના હોય પહેલા પરીક્ષા આપવી પડે પછી પરિણામ મળે તો શ્રધ્ધા રાખવાની. હવે આવે છે 'સત્સંગ'.

**(૨) સત્સંગ :** જ્યારે શ્રધ્ધા આવી ગઈ તો પછી જાણવાની ઈચ્છા થાય છે. અને તે સત્સંગના માધ્યમથી પૂરી થાય છે. શ્રધ્ધા જાગ્યા પછી શું કરવું તે જાણવા માટે માણસ સત્સંગમાં આવે છે. **આ સત્સંગ પણ એટલો ''દુર્લભ' છે કે જેનો લાભ બધાને મળતો નથી.** આખા અમદાવાદમાં આપણા કેટલા સત્સંગી છે. તો તેમાથી સભામાં કેટલા આવે છે. બધાને ખબર છે કે એકાદશીની સભા ચાલે છે. કેમ કે ? આ કળિયુગમાં બહારના આકર્ષણો ઉભા જ હોય છે. એમના તરફ ખેંચવા માટે એ કાંઈ તમને નડ્યું નહિ. કારણ કે એના માટે પહેલાનું **'પુણ્યાનુંબંધી પુણ્ય'** હોય છે અને ભગવાનની કૃપા પણ હોય છે. માટે આ સત્સંગમાં બેસી શકાય છે. જો કે ભગવાનની કૃપા તો બધા ઉપર એકસરખી જ હોય છે. પણ **પાત્રતા હોય તે વ્યક્તિ ભગવાનની કૃપા પ્રાપ્ત કરી શકે છે.** જેવી રીતે આપણે જોઈએ છીએ કે ઓફિસમાં મોટા ઓફિસર હોય છે તે કેટલા નમ્ર હોય છે. અને પટ્ટાવાળા કેટલા ગરમ હોય છે. એવી રીતે પાત્રતા હોય તે આ સત્સંગમાં બેસી શકે છે. અને સત્સંગમાં આવે છે. તેમાં પણ **'જિજ્ઞાસુ'** અને **'પિપાસુ'** એમ બે પ્રકારના ભક્ત છે. એમા જે જિજ્ઞાસુ હોય છે તેને સત્સંગ વિષે, ધર્મ વિષે, સંપ્રદાય વિષે જાણવાની ઈચ્છા હોય છે. એનું એટલું જ પુણ્ય હોય છે. જ્યારે પિપાસુ હોય તેમને જાણવા કરતા **'અનુભવ'** કરવામાં વધારે રસ હોય છે. ભગવદ્રસ પીવાની તરસ હોય છે. તે જાણીને તેના ઉપર અમલ કરે છે. તેને ક્રિયાન્વિત રૂપ આપે છે.

**(૩) ભજન :** સત્સંગમાં આવ્યા પછી જાણી લીધું એટલે કે જ્ઞાન પ્રાપ્ત થયું એટલે ભજન કરવાનું મન થાય છે. અને ભજન કરવાથી આપણું અંતઃકરણ ભગવાન સાથે જોડાય છે અને અંતઃકરણ ભગવાન સાથે જોડાવાથી શુધ્ધ થાય છે. અને અંતર-મનનો ભાવ હંમેશા શુધ્ધ રાખવા પ્રયત્ન કરવાનો. બધા કહે છે ને ભગવાન બધું જુએ છે. એ પ્રમાણે બધું લખાતુ જાય છે. **અંતરના ભાવ ચોપડે નોંધાય છે. અર્થાત્ અંતરમાં જે ભાવ હોય તે પ્રમાણે તમને કર્મબંધન થાય છે.** અમુક વખતે તમે અમુક વ્યક્તિને ભેટો છો પણ મનમાં કદાચ એવું થાય છે કે આ બધા જુએ છે. એટલે ભેટવું પડે નહિ તો ખરાબ લાગે. પણ અંતરથી તો એમ થાય છે કે લાફો મારી દઉં. તો ભગવાનની દૃષ્ટિએ તમે સામેની વ્યક્તિને લાફો માર્યો ગણાશે. અને બહારથી લોકોને એવું દેખાય છે કે તમે પ્રેમથી મળો છો, તમારા મનમાં જે ભાવ છે તેવું નોંધાય છે. માટે અંતરથી ભાવ શુધ્ધ રાખવાનો.

**(૪) આત્મરોગથી નિવૃત્તિ :** ભગવાનના ભજનને કારણે અંતઃકરણ શુધ્ધ થાય છે. જેટલા અંશે અવગુણો દૂર થયા એટલા અંશે ભગવાનમાં જોડાયા અને સંસારથી દૂર થયા. જેટલું ભગવાન જોડે વધારે જોડાશો એટલુ શુધ્ધ થવાશે. અંતઃકરણ સંપૂર્ણ શુધ્ધ થતા વાર લાગે છે. કેમ કે ? જન્મોજન્મની 'આસક્તિ' હોય છે. એટલે બે-ત્રણ દિવસમાં ના થઈ જાય વાર લાગે છે. ધીરજ રાખવી પડે. જેમ ખેડૂત દાણા વાવે પછી લણવા માટે ધીરજ રાખવી પડે. અમુક

સમય પછી અનાજ મળે છે. તેમ આમાં પણ વાર લાગે છે.

**(૫) નિષ્ઠા :** તો નિષ્ઠા એટલે જેમ જેમ અંતઃકરણ શુધ્ધ થાય તેમ અંતરથી ભગવાન ઉપર દઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે. ભગવાન પ્રત્યે સમર્પણ ભાવ જાગે છે. એક પ્રચલિત ઉદાહરણ છે ને કે એક મોટું જહાજ દરિયામાં જઈ રહ્યું હતું. તેમાં વાવાઝોડું આવ્યું તો બધાનું મન અશાંત થઈ ગયું પણ જે કેપ્ટન હતા તે એકદમ શાંત હતા તો તે કેપ્ટનના પત્નીએ પૂછ્યું કે તમને કાંઈ થતું નથી ? તો કેપ્ટને પોતાના પત્નીના ગળા ઉપર ચપ્પુ અડાડીને પૂછ્યું કે તમને કાંઈ થાય છે ? તો પત્નીએ કીધુ કે ના. તો કેપ્ટને પૂછ્યું કે કેમ ? તો પત્નીએ કીધું કે તમે મારા પતિ છો. એટલે મને વિશ્વાસ છે કે તમે મારુ અહિત નહિ કરો તમે જે કાંઈ કરશો તેમાં મારુ હિત જ હશે. તો કેપ્ટને કીધું કે મને પણ ભગવાનમાં વિશ્વાસ છે કે હું ભગવાનને સમર્પિત છું તો ભગવાન મને અને બધાને બચાવી જ લેવાના છે. અને કદાચ કાંઈપણ થાય તો પણ મને દુઃખ થશે જ નહિ કેમ કે ? ભગવાન જે કાંઈ કરશે તે મારા સારા માટે જ કરશે.

**(૬) રૂચિ :** વિશ્વાસ વધી જાય પછી રૂચિ થાય છે. ભગવાન પ્રત્યે સમર્પણ ભાવ આવ્યા પછી ભગવાન સંબંધી ક્રિયાઓ વધારે કરવાનું મન થાય છે. સત્સંગ પ્રત્યે રૂચિ વધે છે. જગતની વસ્તુઓ ઓછી ગમે છે. જેને માયા સંબંધી રોગ લાગ્યો હોય તેને ભગવાન સંબંધી બધું કડવું લાગે છે. અમુક વખતે આપણને તાવ આવ્યો હોય તો જમવાનું કડવું લાગે છે. જેવો સ્વાદ સાજા હોય ત્યારે આવે છે તેવો નથી આવતો. તેવી રીતે **આત્મામા 'ભવરોગ' લાગેલો હોય ત્યારે ભગવાન સંબંધી રસ ગમે તેટલો ગળ્યો હોય પણ કડવો લાગે છે. સંસાર સંબંધી વસ્તુ મીઠી લાગે તો સમજી જવાનુ કે આપણો 'આત્મા' રોગી છે. અને 'આત્મા' નિરોગી થાય ત્યારે સંસાર સંબંધી વાતોથી તમને એવું લાગે કે કોઈ ઝેર પીવડાવી રહ્યું છે. આવો 'અનુભવ' થાય ત્યારે ભગવાનમાં 'આસક્તિ' થાય છે.** આટલા સોપાન સર કર્યા પછી એક વખત ભગવાનમાં આસક્તિ થાય પછી મન ડગતુ નથી સ્થિરતા આવે છે. અને આવી સ્થિરતા આવ્યા પછી ભગવાન સિવાય તમને કાંઈ દેખાશે જ નહિ. આપણને ઘણા બધા જગતમાં કહેવાવાળા હોય છે કે આટલું બધુ મંદિરમાં ન જવું જોઈએ. સત્સંગમાં બહુ જાવ છો ઘરનું ધ્યાન રાખવું પડે. તો એક તો **આપણે અજ્ઞાનરુપી નિંદ્રામાં સૂતા હોઈએ છીએ ને પછી 'હાલરડું' ગાવા વાળા મળી જાય છે. પછી એ અજ્ઞાનરુપી નિંદ્રા 'ગહન' થતી જાય છે.** જેવી રીતે તમે જગતથી જોડાયેલા છો એવી રીતે ભગવાનમાં જોડાઈ જશો પછી ગમે તેવો પ્રસંગ બને પણ તમારું મન ભગવાનમાંથી ચલિત નહિ થાય.

**(૭) અનુભૂતિ :** ભગવાનમાં આ રીતે જોડાઈ ગયા પછી તમને એવી અનુભૂતિ થાય છે કે હવે મને **'ભગવદ્ પ્રાપ્તિ'** થવાની છે. એકદમ સૂર્યોદય થાય એની પહેલા ખબર પડી જાય છે કે હવે ટૂંક સમયમાં સૂર્ય ઉગશે. એવી રીતે **આપણું અંતઃકરણ શુધ્ધ થઈ ગયું હોય એટલે તેના લક્ષણો પ્રગટ થવા લાગે છે. અંતરમાં શાંતિ થવા લાગે છે.** એકવાર તમારા અંતરમાં શાંતિ થઈ જાય પછી બહારની ગમે તેટલી અશાંતિ હોય તે તમારી અંદરની શાંતિને ડગાવી નહિ શકે. જેવી રીતે ક્રોધ બે પ્રકારનો હોય છે. એક ક્રોધ હોય છે તે તમારા ઉપર અસર કરે છે. અને બીજો ક્રોધ હોય છે તે બધાને સુધારવા માટે હોય છે. મહાપુરુષોના ક્રોધ બીજાને સુધારવા માટે હોય છે. તે પોતાને અસર કરતો નથી. આવી અનુભૂતિ થયા પછી પણ આપણને ભગવદ્ પ્રાપ્તિ થઈ નથી થઈ પણ એકદમ નજીક છીએ. ભવસાગરમાં છીએ પાર નથી ઉતર્યા. જેવી રીતે દરિયામાં નાવ ને ૯૦% અંતર કપાઈ ગયુ હોય કિનારો આવવાની બહુ જ ઓછી વાર હોય ૧૦% અંતર કાપવાનું બાકી હોય તો પણ અંદર કુદી ના જવાય. જો કુદી જઈએ તો ડૂબી જવાય. બધું નકામુ જાય છે. ૧૦% બાકી હોય તો પણ પ્રયત્ન ચાલુ રાખવો પડે હલેસા મારવા પડે. ધીરજ રાખવી પડે. ભગવાન સુધી સાધનો ચાલુ રાખવા પડે. ઈમાનદારીથી ભજન કરશું તો ભગવાન સુધી ચોક્કસ પહોંચાશે. પ્રયત્ન કરીએ તો બધું શક્ય બને છે અને **આપણા માટે તો વધારે શક્ય છે. કેમ કે આપણને આવા 'નરનારાયણદેવ' મળ્યા છે. જે બધાને નથી મળ્યા.** આપણું બધું એજ પુરુ કરે જ છે. જે ધારીએ બધું પુરુ થાય છે. અને ન પુરુ થતું હોય તો તેના પાછળનું કાંઈક કારણ હોય છે. પ્રયત્ન ચાલુ રાખજો. જેમ લોખંડને 'સોનું' બનાવવું હોય તો પારસમણીને લોખંડ અડાડવુ પડે. તેમ **જ્યાં સુધી આપણો છેડો ભગવાન સુધી અડી ન જાય ત્યાં સુધી 'પ્રયત્ન' ચાલું જ રાખો.**

●

### વિવેક ભરી વાણી

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જેની ભાષામાં સભ્યતા હોય છે તેના જીવનમાં ભવ્યતા આવતી હોય છે. માનવીનું હૈયું તો કાચના વાસણ જેવું છે. જરાક નાનો સરખો પણ ધક્કો લાગે તો એ તૂટી જાય તેવી સંભાવના છે. એટલે વાણી નો ઉપયોગ ખૂબ સાવધાનીથી કરવો જરૂરી છે. પરંતુ માણસ વાણીને વેડફે છે. વધારે પરિણામે તેનામાં રહેતી તેજસ્વિતા શક્તિ અને શારીરિક બળનો પારો નીચે આવી રહ્યો છે. **જીભ ન ખાવાનું ખાઈને પેટ તો બગાડે છે પણ ન બોલવાનું બોલીને વ્યવહારેય બગાડે છે.** વિવેક વિનાનું બોલે તો મહાભારત થાય. પ્રભુએ આપણને જીભ એક અને કાન બે આપ્યાં છે. તેનો અર્થ એ થાય કે બે કાનેથી સાંભળો તેનાથી અડધું બોલવું. પણ માણસ સાંભળે છે ઓછું અને બોલે છે વધારે. એ બોલવા કરતાં વધારે તો બકબક જ કરે છે. ઓછું બોલવું ને મૌન રહેવું તેમાં ઘણો ફાયદો છે. ફુલો બધાયને ગમે કારણ મૌન રહીને સુગંધ આપે છે.

તમારી વાણી બીજાને ગમે છે કે નહિ તે જુઓ. વર્તન અને વાણી ઉપર કાબુ રાખશો તો જીવનનાં અનેક કષ્ટો આપો આપ દૂર થઈ જશે. ઘણા લોકો બોલ બોલ કરીને પોતાની મેળે જ પોતાનું સ્વમાન ગુમાવતા હોય છે. ઘણાં માણસો આખો દિવસ જ્યાં ત્યાં બોલ બોલજ કરતાં હોય છે. અને પોતાની લાગણીની લાપસી કારણ વગર સૌની સામે પીરસ્યાં કરતા હોય છે. કારણ વગર વચમાં ભજીયા મૂકતાં હોય છે. તે શું બોલે છે તેની તેને પોતાને જ ખબર હોતી નથી. એના બોલવાથી સામેના માણસને તકલીફ પડે છે. તેની પણ એને ખબર પડતી નથી. કૌટુંબિક સંબંધો સાચી વાણી બોલવાથી નથી સુધરતા પણ સારી વાણી બોલવાથી સુધરે છે. **"સત્યં વદ પ્રિયં વદ"** વાણી સત્ય બોલવી અને મધુર બોલવી. પેટમાં જતું ઝેર તો માણસને એક ઝાટકે સમાપ્ત કરી દે છે. પણ કાનમાં જતું વાણીનું ઝેર તો માણસને ધીમે ધીમે સહુને ખતમ કરે છે. જીવનમાં સુખી રહેવું હોય તો હમેશાં પાણીને કપડાના ગરણાંથી ને વાણીને વિવેકના ગરણાંથી ગાળીને જ વાપરવી.

શબ્દ બ્રહ્મ છે. વાણીની ઉત્પતિ શબ્દ દ્વારા થઈ છે. શબ્દ અને વાણી એકબીજાના પૂરક છે. જો શબ્દ જ ન હોય તો વાણી પણ ન હોય. પ્રત્યેક અવાજમાં શબ્દ સંભળાય છે. પ્રાણીઓ પાસે વાણી નથી પરંતુ તેના અવાજમાં શબ્દ પડઘાઈ રહ્યો છે. માણસ પાસે વાણી છે. અને શબ્દ પણ છે. ને તે બન્નેને વ્યક્ત કરવાની આગવી સૂઝ પણ છે. આપણા મહાપુરુષો તેમજ સંતોની વાણીનો પ્રભાવ આપણને તેમના તરફ આકર્ષિત કરે છે. તેનું કારણ એ છે કે એમને વાણીની તાકાત મૌન પાળીને મેળવી છે. મૌનમાં ગજબની શક્તિ હોય છે. મૌન દ્વારા તેમણે પોતાની તમામ ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો હોય છે. પરિણામે અસીમ શક્તિ તેની વાણીમાં ભળી જઈને શબ્દને બ્રહ્મ બનાવે છે. એટલા માટે જ સંતોની વાણી માનવ વાણીથી વધારે શક્તિશાળી હોય છે.

મૌનમાં ગજબની શક્તિ રહેલી છે. શરીરના અંગોને વધારે સશક્ત આ મૌન જ કરે છે. પ્રાણીઓને કાંઈ વિટામીન યુક્ત પોષણ ખોરાક નથી મળતો. પરંતુ તેનામાં જે બળની માત્રા છે શક્તિ છે તે માણસમાં નથી. તેનું કારણ તેનું મૌન એ પોતાના થૂંકનો સંગ્રહ જ છે. મૌનમાં જેટલી તાકાત છે તેના કરતા અનેક ગણી તાકાત થૂંકમાં છે. મૌન રહેવા માટે એકાંતની જરૂર નથી. શબ્દોને મ્યાન કરી હોઠને સીવી લો. સમાજની વચ્ચે રહીને પણ વાણીને નિયંત્રિત કરી શકાય છે. ઘણાની જીભને બોલવાનો કુસ્વભાવ પડ્યો હોય છે કે તેઓ તેને અટકાવી શકતા નથી. જીભમાં હાડકું નથી. એટલે તે આમેય ચાલેને તેમેય ચાલે ! પ્રભુએ આંખ કાનને ખુલ્લાં રાખ્યા છે. અને જીભને તો ૩૨ દાંતરૂપ પહેરેગીરોની વચ્ચે મૂકી છે. ઉપરાંત હોઠ રૂપી બે બારણા વાળા મુખરૂપી કિલ્લામાં તેને પૂરવામાં આવી છે. છતાં તે શાંત ને સ્થિર રહેતી નથી. માટે સમજુએ તોળીને જરૂર જેટલું જ બોલવું જોઈએ. અને તે પણ સત્ય પ્રિય અને હિતકર બોલવું જોઈએ. આત્યંતિક કલ્યાણ ઈચ્છનાર મનુષ્યે સર્વદા વાણી ઉપર બરાબર કાબુ રાખવો જોઈએ.

જીભ વડે અનેક શબ્દો બોલતાં બોલાશે ખરા પણ યાદ રાખજો કે જીભ તો મુખમાં સમાઈ જશે. પણ માર તો શરીર ઉપર કે ગાલ ઉપર પડશે. જીભથી બોલાયેલ શબ્દો એ તો મનુષ્યોને મહાદુ:ખમાં મૂકી દીધા છે. મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે મયદાનવે બનાવેલ ઈન્દ્રપ્રસ્થની સભામાં એવી શોભા કરી કે જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય. તે જોવાને માટે દુર્યોધન આવ્યો. જોતાં જોતાં પાણી હતું ત્યાં સ્થળ દેખાયું અને પૃથ્વી જાણી ચાલવા લાગ્યો. ત્યાં તો જળના કુંડમાં પડી ગયો અને કપડા પલળી ગયાં. તે જ સમયે ઝરૂખામાં બેઠેલી દ્રૌપદીએ આ દૃશ્ય જોયું ને હસતાં હસતાં બોલ્યા, અંધ નાતો અંધ જ હોયને ? બસ આ શબ્દો દુર્યોધનના હૃદયમાં શૂલ્ય જેવા લાગ્યાં. અને ત્યાં જ દુર્યોધને અપમાનનો બદલો લેવા શપથ ખાધા. પછી સમય જતાં કપટથી પાંડવોને હરાવીને દ્રૌપદીને ભરી સભામાં લાવીને દુઃશાસન પાસે વસ્ત્રો ખેંચાવ્યા. દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવાનું જો મુખ્ય કારણ હોય તો એજ હતું કે તેની કઠોર વાણી.

વાલ્મિકી રામાયણમાં ૪૫ માં સર્ગમાં એક શ્લોક આવે છે. રામ મારીચને મારવા ગયા અને તેને બાણ માર્યું ત્યારે લક્ષ્મણજીને રામની મદદે જવાનું કહ્યું. રામને હરાવી શકે તેવી આ બ્રહ્માંડમાં કોઈની તાકાત નથી. આ અવાજ તો માયાવી મારીચનો છે. માટે તમો ચિંતા ન કરો. લક્ષ્મણનાં વચન સાંભળીને સીતાજી ક્રોધ કરીને બોલ્યાં : હે લક્ષ્મણ તારા સરખા ક્રૂર અને ગુપ્તપણે વિચારનારા શત્રુઓનાં અંતરમાં પાપ હોય તેમાં શું આશ્ચર્ય. તું અત્યંત દુષ્ટાત્માજ છે. અને તેથી જ તું ગુપ્તપણે મારા વિશે કામવાસના રાખી ને પોતાની મેળે વનમાં આવેલ છો. પરંતુ હું ગોદાવરી નદીમાં ડુબી મરીશ કાં તો પર્વત પરથી પડીને મરીશ પરંતુ તને નહિ વરુ. જીભ કચડીશ ને મરીશ. સીતાજીની આવી કઠોર વાણી સાંભળીને લક્ષ્મણજી રડી પડ્યાં ને રામ પાસે ગયા. પછી પરિણામ એ આવ્યું કે રાવણ આવીને સીતાજીને ઉપાડી ગયો. અને અતિ દુઃખો ભોગવવા પડ્યા. માટે મધુર વાણી બોલીએ તો તમામ કાર્યો સિધ્ધ થાય છે. સ્વામી વિવેકાનંદ અમેરિકામાં ગયા અને તેમને પ્રવચન આપવામાં આવ્યું ત્યારે તેઓ પ્રથમ શબ્દ અંગ્રેજીમાં બોલ્યા. માય બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ, મારા ભાઈઓ અને બહેનો. બસ આટલા જ શબ્દો બોલ્યા ત્યાં તો અમેરિકન લોકો બે મિનિટ સુધી સતત તાળીઓ પાડીને તેઓનું બહુમાન કર્યું હતું. આ મધુર વાણીનો પ્રભાવ છે. એક કવિએ કહ્યું છે જે,

**શબ્દોના માર્યા મરી ગયા શબ્દે છોડ્યાં રાજ**
**જેને શબ્દ વિચારીયા, તેના સરીયા કાજ**

શબ્દોના માર્યા કેટલાય માણસો મરી જાય છે, ગળે ટૂંપો ખાય છે. કૂવે પડે, ઝેર ખાય, અગ્નિમાં સળગી જાય. આવી રીતે મેણાથી મરી જાય છે.

એક ગામમાં લાખા નામનો દરજી રહેતો હતો. તે પટેલને ઘેર આણું આ સીવવા ગયો હતો. તેથી પટલાણીએ લાખાને કુણા-કુણા રીંગણા શાક કરવા દીધા. લાખાએ પટેલના છોકરાને કહ્યું મારા ઘેર જઈને આ રીંગણા આપી આવ. અને તારી કાકીને કહેજે કે બપોરે આખા રીંગણાનું શાક કરે. છોકરો ઘેર ગયો અને દરજણને વાત કરી. પરંતુ દરજણે બીજું શાક કરી નાખેલ હતું તેથી રીંગણા રાખી મૂક્યાં. બપોરે લાખો દરજી રીંગણાના શાકનું ચિંતવન કરતો કરતો ઘેર ખાવા માટે ગયો. જ્યાં જમવા બેઠો ત્યાં તો ભાણામાં આખા રીંગણાને બદલે ભીંડાનું શાક આવ્યું. તુરત લાખાએ કહ્યું રીંગણાનું શાક નથી કર્યું. ને ગજ લઈને સ્ત્રીને મારવાં મંડ્યો ને લાખો બોલ્યો અરે રાંડ મારૂં કહેવું ન માનવું હોય તો જા પટેલનાં કૂવામાં જઈને ડુબી મર. મને તારૂં મોઢું બતાવીશ નહિ. દરજણને ક્રોધ ચડ્યો ને પટેલના કૂવામાં જઈને પડી ને મરી ગઈ. ગામના પટેલને ખબર પડી એટલે પોલીસને બોલાવ્યા અને લાખા ઉપર કેસ થયો. લાખાને મુંબઈની જેલમાં બાર વરસ રાખ્યો. કઠોર વાણીનું આ પરિણામ આવ્યું.

●

### પુરુષોત્તમ માસમાં પુરુષોત્તને પ્રસન્ન કરવા આપણે સેવાની સરવાણી વહાવીએ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

આપણાં શરીર વડે બીજાની સેવા કરવાથી આપણું શરીર પવિત્ર બને છે. આપણું ધન બીજાને માટે વાપરીને દાન કરીએ તો ધન પવિત્ર બને છે અને આપણે ભગવાનનું ભજન કરીએ તો આપણું મન પવિત્ર બને છે.

પ્રવાસમાં ભક્તિ ભળે તો તે યાત્રા બની જાય છે. ભોજનમાં ભક્તિ ઉમેરાય તો તે પ્રસાદ બની જાય છે. નિરાહારમાં ભક્તિ ઉમેરાય તો તે ઉપવાસ બની જાય છે. ઘરમાં ભક્તિ ઉમેરાય તો તે ઘર મંદિર બની જાય છે. શ્રમયજ્ઞમાં ભક્તિ ભળે તો તે સેવા બની જાય છે.

જ્યારે રાવણ સીતાજીને લંકામાં ઉપાડી ગયો ત્યારે ત્યાં પહોંચવા માટે રામચંદ્રજી અને સૌ વાનરો સમુદ્ર પાર કરવા માટે પૂલ બનાવતા હતા. આ પુલ બાંધવાની સેવામાં નલ અને નીલ મુખ્ય હતા. સહુ પોત પોતાની શક્તિ અનુસાર સેવા ભક્તિ કરતાં હતા. આ સેવાયજ્ઞમાં એક ખીસકોલી પણ જોડાઈ હતી. તે રેતીમાં આળોટતી હતી અને સમુદ્રમાં જઈને ખંખેરી આવતી. આ એનો આખા દિવસનો અને દરરોજ નો નિત્યક્રમ બની ગયો હતો. આ જોઈને તેને પૂછ્યું કે, તું આ શું કરે છે ? ત્યારે તેણે કહ્યું કે, સમુદ્ર ઉપર પુલ બંધાય છે. તેમાં હું આ સેવા કરું છું. હું ભલે મોટા મોટા પથ્થર ના લાવી શકું પણ મારાથી જે બને તે હું કરું છું. કહેવાય છે કે, રામચંદ્રજીને આ વાતની ખબર પડી ત્યારે તેમણે અતિ પ્રસન્ન થઈને ખીસકોલીનાં શરીર ઉપર હાથ ફેરવ્યો ત્યારથી તેના શરીર ઉપર લીટા-પટ્ટા થઈ ગયા છે. ખીસકોલીનું પુલ બાંધવામાં કામ સાધારણ હતું પણ તેનું સેવા કરવા માટેનું દીલ અસાધારણ હતું. તેમ આપણે પણ આપણાંથી જે બની શકે તે સેવા અવશ્ય કરવી જ જોઈએ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ સેવા ઉપર ખૂબજ ભાર મુકવામાં આવ્યો છે. સમગ્ર સૃષ્ટિમાં સેવા, સમર્પણ અને સદાચારનાં બીજ વાવનાર શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં દાદા ખાચરનાં દરબારમાં ભવ્ય શિખરબંધ મંદિરનું સર્જન કરી રહ્યા છે. ગામે ગામથી સંતો-ભક્તો મંદિરની સેવા કરવા ઉમટી પડ્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન દાદા ખાચરનાં દરબારમાં લીંબડાના ઝાડ નીચે ભક્તોની વચ્ચે બિરાજમાન છે. પ્રેમી ભક્તો અનેરા અવસરની અમૂલ્ય સેવાનો લાભ લેવા પોતાની યથાશક્તિ અનુસાર દાન, ધર્માદો લખાવી રહ્યા છે. ત્યાં છેવાડેથી એક અતિ દરિદ્ર વૃધ્ધ પણ પ્રભુ પ્રતિ અગાધ પ્રેમવાળા ભક્તજન સભા મધ્યે પ્રભુ પાસે આવીને કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! મને પણ મંદિરની સેવા કરવાનો લાભ આપો. શ્રીજીએ પ્રેમથી હસતાં-હસતાં કહ્યું કે દુબળી ભટ્ટ તમારી પાસે શું છે ? તમારી ભાવના સારી છે. ત્યારે દુબળી ભટ્ટે કહે કે, પ્રભુ મારી પાસે જે કંઈપણ છે તે તમામ તમોને અર્પણ કરવા માગું છું. એમ કહીને ગાંઠો અને થીંગડાવાળી પાઘડી માથેથી ઉતારીને પાઘડીમાં વાળેલી ગાંઠો એક પછી એક ખોલતાં-ખોલતાં તેમાંથી તેર પૈસા નીકળ્યા. જે દુબળી ભટ્ટે હરખાતાં હૈયે હાથમાં લઈને પ્રભુનાં ચરણમાં ધર્યા. અને કહ્યું કે હે પ્રભુ ! મારા જીવનની આ બચાવેલી પૂંજી છે. તે સમગ્ર આપના ચરણે અર્પણ કરું છું. સભામાં સન્નાટો વ્યાપી ગયો. પ્રભુએ કહ્યું દુબળી ભટ્ટ આ તમારી પાઘડી ફાટી ગઈ છે. તો આ પૈસાથી નવી લાવજો. તમારી સેવા અમને આવી ગઈ. ત્યારે દુબળી ભટ્ટ કહે, પ્રભુ હવે આયખૂય ઘસાઈ ગયું છે. તેને માથે નવી પાઘડી કે જૂની પાઘડી શું ફરક પડવાનો છે ! પરંતુ આવી સેવાનો લાભ મને ફરી ક્યારે મળશે ? તેથી મારી આ સેવાનો પ્રભુ સ્વીકાર કરો.

પ્રભુ પાટ ઉપરથી ઉભા થયા અને દુબળી ભટ્ટનાં તેર પૈસાનો સ્વીકાર કરી તેમને પ્રેમથી બાથમાં લઈને ભેટ્યા અને કહ્યું કે, ''હવે અમારું મંદિરનું કાર્ય પૂર્ણ થઈ જશે.''

હાલ દર ત્રણ વર્ષે આવતો પાવનકારી પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે ત્યારે આપણે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રસન્ન કરવા માટે સેવાના માર્ગે પાપા પગલી ભરીશું તો પણ તેમની અમિદૃષ્ટિ આપણાં ઉપર જરૂર વર્ષશે અને ભગવાનની દૃષ્ટિ આપણાં ઉપર વરસે તેથી બીજું આપણે શું જોઈએ ?

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ નિત્ય ભગવાનના મંદિરમાં દર્શન કરવા આવ્યા એવા સત્સંગીઓએ કોનો સ્પર્શ ન કરવો ?

પ્ર. ૨ ''ભગવાનનો એકાંતિક ભક્ત કોને કહીએ ?'' - આ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?

પ્ર. ૩ સ્વામિનારાયણ ભગવાને શિવરામ વિપ્રના પ્રશ્નના ઉત્તરમાં પૂજાવિધિ બતાવતા ચોખાથી તથા તુલસીપત્ર કે મંજરીથી ક્યા દેવનું પૂજન ન કરવા કહ્યું છે ?

પ્ર. ૪ તુલસી પત્રો ક્યા ક્યા દિવસે ન તોડવા ?

પ્ર. ૫ ''જેણે સંસાર મુક્યો અને ત્યાગીનો ભેખ લીધો અને તેને પરમેશ્વરના સ્વરૂપ વિના અસત્ પદાર્થમાં પ્રીતિ રહે છે તેને કેવો જાણવો ?'' - આ પ્રશ્ન વચનામૃતમાં કોણે પૂછ્યો છે.

પ્ર. ૬ દાદા ખાચરના દરબારમાં ઓતરાદે કોરે મહારાજ સંધ્યા સમયે બિરાજમાન હતા. તે સમયે ઉજ્જૈનનો કેસરીસિંહ વીરાભાઈ નામનો એક વાણીયો યાત્રા કરતા કરતા શ્રીજી મહારાજનો પ્રતાપ સાંભળી બે હજાર માણસના સંઘ સહિત ગઢપુર આવ્યો. મહારાજના દર્શન કરી તેણે કહ્યું કે મને તમારા સાધુ જે ઉજ્જૈન આવ્યા હતા તેમણે સમાધિ કરાવી ચોવીસ તીર્થંકરના દર્શન કરાવ્યા અને સત્સંગ કરાવ્યો છે. આ કેસરીસિંહને ક્યા સાધુએ સત્સંગ કરાવ્યો હતો ?

પ્ર. ૭ ''આ તન રંગ પતંરગ સરીખો, જાતાં વાર ન લાગેજી, અસંખ્ય ગયા ધન સંપત મેલી, તારી નજરુ આગેજી'' - કીર્તનના રચયિતા કોણ છે ?

## સપ્ટેમ્બર-૨૦૨૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ''શ્રી નરનારાયણ''. **(૨)** નહિ માનવા. **(૩)** સત્સંગિજીવન અધ્યાય-૪, શ્લોક-૪૯, પ્રકરણ-૩. **(૪)** રામપ્રતાપજી તેમના પત્ની સુવાસિનીબાઈ, પુત્ર નંદરામ, ઠાકુર પ્રસાદ, અયોધ્યાપ્રસાદજી, પુત્રી સિધ્ધિ અને પ્રસિધ્ધિ, નંદરામના પત્ની દિનમાના તેમના પુત્ર રામશરણ, નારાયણ, હરિસહાય, પુત્રી મેધા. ઠાકુર પ્રસાદનાં પત્ની શિવકુમારી તથા ત્રણ પુત્રો રામસુખ, મોહન, નારાયણદીન, અયોધ્યાપ્રસાદજીના પત્ની સુનંદા, પુત્ર. **(૫)** ''જય દેવ જયદેવ, જય મંગલધામ નારાયણ ! પુરુષોત્તમ ! (૨) નર સખ ! સકલાત્મન્ ! જયદેવ ! **(૬)** મનોવહા. **(૭)** શિવજી.

૧ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૪ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૫ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૬ પટેલ સંગીતાબેન મનોજકુમાર (અંબાપુર)
૭ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૮ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૯ પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજા)
૧૦ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૧ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૨ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૧૩ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૪ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૧૫ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૧૬ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૧૭ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૮ સાંખ્યયોગી બહેનો (સ્વા. મંદિર દરબારગઢ-મોરબી)
૧૯ કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૨૦ ડાભી પ્રભાતજી કેશરજી (ડાંગરવા)
૨૧ પટેલ જયંતીભાઈ અંબાલાલ (માણસા)
૨૨ મોદી આશાબેન ભરતભાઈ (માણસા)
૨૩ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૨૪ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ)
૨૫ ભાવસાર જ્યોત્સનાબેન એસ. (બાપુનગર)
૨૬ ભોરણીયા નથુભાઈ (ધુંટુ)
૨૭ પટેલ સૂર્યાબેન દશરથભાઈ (ડાંગરવા)
૨૮ પટેલ લીલાબેન નારણભાઈ (અંબાપુર)
૨૯ પટેલ કોકિલાબેન બાબુભાઈ (સાબરમતી)
૩૦ ભોરણીયા રમેશભાઈ નથુભાઈ (ધુંટું)
૩૧ પટેલ વિનોદ પી. (વહેલાલ)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રીનરનારાયણદેવના સાનિધ્યમાં અધિક આસો માસના ઉત્સવો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તેમજ અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર ત્રણ વર્ષે આવતા અધિક પુરૂષોતમ માસ ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાય છે.

વર્ષ દરમ્યાન આવતા આપણા વ્રત ઉત્સવો પાટોત્સવો, રામનવમી, શ્રીહરિનું પ્રાગટ્યદિન, ફુલ દોલોત્સવ, વસંત પંચમી, દિપોત્સવ, શ્રી હનુમાન જયંતી, હિંડોળા, હિમાલય દર્શન આદિક ઉત્સવોનું આપણા મંદિર દ્વારા ભવ્ય આયોજન થાય છે. પણ આ વરસે અધિક માસમાં કોરોના મહામારી જેવા મહા સંકટ સમયમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આદેશ અને સૂચન મુજબ અધિક માસ સાદગી પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. છતાંય અમૂક ખૂબજ ભાવનાવાળા હરિભક્તોએ યજમાન બનીને શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. જેમાં અધિક આસો સુદ-૩ તા. ૧૯-૯-૨૦ના શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ-અભિષેક બ્રહ્મચારી પૂજારી સંતોએ વેદ વિધિસર કર્યો હતો. શ્રી નરનારાયણદેવ ને અલૌકિક સુંદર વિવિધ વાનગીઓ બનાવીને અન્નકૂટ ધરાવ્યો હતો. જેના યજમાન પ.ભ. મંદાબેન ગોવિંદભાઈ સ્વામિનારાયણ પરિવાર રહ્યા હતા.

આસો સુદ-૫ વસંત પંચમી હવેલીમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદ પ્રેરણાથી જેના યજમાન પ.ભ. શારદાબા શેલત હ. પ.ભ. કે.પી. શેલત સાહેબ પરિવારે મહાલાભ લીધો હતો.

તા. ૨૨-૯-૨૦ કુંજગલી દર્શન આસો સુદ-૯ અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક અને દિવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સર્વોપરી શ્રી ઘનશ્યામ જન્મોત્સવ જેના યજમાન પ.ભ. લાલજીભાઈ સોની હરિદર્શન પરિવાર રહ્યા હતા. હ. પાર્ષદ નરોત્તમ ભગત (મૂળીવાળા).

આસો સુદ-૧૨ તા. ૨૮-૯-૨૦ શ્રી રંગમહોલમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક અને સુંદર અન્નકૂટોત્સવ વિધિવધ રીતે થયા હતા. જેના યજમાન પ.ભ. શૈલેષભાઈ ભાવસાર પરિવાર રહ્યા હતા. આસો વદ-૧ કેસર સ્નાનના યજમાનશ્રી પ.ભ. શૈલેષભાઈ ભાવસાર પરિવાર રહ્યા હતા. તા. ૧૫-૧૦-૨૦ શિવરાત્રી પૂજન હનુમાનજી પૂજન, અને તા. ૧૬-૧૦-૨૦ અન્નકૂટ ગોવર્ધન પૂજા વગેરેના યજમાન પ.ભ. શૈલેષભાઈ ભાવસાર પરિવાર રહ્યાં હતા.

નૃસિંહ જયંતી, શરદોત્સવ, જન્માષ્ટમી, નંદ મહોત્સવ આદિ સાદગીપૂર્વક ઉત્સવ થયા હતા. સર્વે હરિભક્તોએ ઘેર બેઠા આપણા મંદિરની સાઈટ ઉપર અને યુ-ટ્યૂબ ઉપર દર્શન કરીને રાજીપો મેળવ્યો હતો.

(કોઠારી સ્વામી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર અધિક માસનો પાટોત્સવ

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મૂળી મંદિરના સ.ગુ. મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી મૂળી ધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો અધિક માસનો પાટોત્સવ અધિક આસો સુદ-૫ ના ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક અન્નકૂટ આદિ વિધિવત રીતે થયા હતા. સૌ ભક્તોએ ઓનલાઈન દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પાટોત્સવના યજમાન પૂનાના પ.ભ. ગં.સ્વ. મધુબેન અમૃતભાઈ પટેલ -હ. પ.ભ. વિવેક અમૃતભાઈ પટેલ (મેતપુરવાળા) પરિવાર રહ્યા હતા.

(કોઠારી સ્વામી)

## વિદેશ સત્સંગ સમાચાર

### સાસ્કાટુન સ્વામિનારાયણ હિન્દુ મંદિર પ્રથમ પાટોત્સવ (કેનેડા)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કેનેડા સ્થીતના સાસ્કાટુન આઈએસએસઓ સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો પ્રથમ પાટોત્સવ તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

પાટોત્સવ પ્રસંગે તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦ ના શુક્રવારે સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન પરીવારે મહાપૂજાનો સુંદર લાભ પ્રાપ્ત કર્યો હતો.

૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ શનિવારે પ્રથમ આરતી કર્યા બાદ ભગવાનની ષોડશોપચાર પૂજન વિધિ કર્યા બાદ અભિષેક કરવામાં આવ્યો હતો. પાટોત્સવના યજમાન પરિવાર દ્વારા પૂજન વિધિ થયો હતો. ત્યારબાદ કીર્તન-ભક્તિ યુવાનોએ ખૂજ સુંદર રીતે કરી ભગવાનને રાજી કર્યા હતા. સભામાં સાસ્કાટુનમાં સત્સંગની શરૂઆતથી લઈને પ્રથમ પાટોત્સવ સુધીની યાત્રાને પ્રોજેકટ ઉપર સુંદર વિડીયો દ્વારા બતાવવામાં આવેલ.. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ ઓનલાઈન પ્રાપ્ત થયા હતા. ત્યારબાદ છપ્પનભોગ અને અન્નકૂટ આરતી કરી થાળ બોલ્યા પછી પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમ ઓનલાઈન હતો. કોરોના વાઈરસને ધ્યાનમાં રાખીને સોશિયલ ડિસ્ટન પ્રમાણે સંપૂર્ણ પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને મંદિરમાં નિત્ય પૂજા તથા થાળની સેવા આપતા તમામ હરિભક્તો તથા યુવા હરિભક્તોની ખૂબજ સુંદર સેવા કરી હતી. ભગવાન શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન રહે તેવી પ્રાર્થના. સર્વે હરિભક્તોએ તન, મન અને દનથી સુંદરા સેવા કરી હતી. (સાસ્કાટુન (કેનેડા) મંદિર)

### અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના થાળ-રસોઈની યાદી

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૦૦૦/- | |
| માલપુવા | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૪,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૩,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૨,૫૦૦/- | |

**કાયમી અનામત થાળ** રૂા. ૫,૦૦૧/-
**તથા** રૂા. ૧૦,૦૦૦/-
**ઠાકોરજીના સાંજના થાળના** રૂા. ૫૦૦/-

**Mo. : 8238001666**

### નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

- જેતલપુર : www.jetalpurdarshan.com
- મહેસાણા : www.mahesanadarshan.org
- છપૈયા : www.chhapaiya.com
- ટોરડા : www.swaminarayanmandirtorda.com
- નારણઘાટ : www.narayanghat.com
- વડનગર : www.swaminarayanmandirvadnagar.com
- પ્રયાગ : www.prayagmilan.org
- અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
- ઈડર : www.gopinathjiidar.com
- નારણપુરા : www.sankalpmurti.org
- ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ભાદરવા સુદ-૩ | અ.નિ.પ.ભ. ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ (મેડાવાળા) (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૪ | પ.ભ. પટેલ મહેન્દ્રભાઈ ગોરધનભાઈ (કાજુબદામ મૈસુબ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૫ | અ.નિ.પ.ભ. કમલેશભાઈ (ફટાકડાવાળા) (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૬ | અ.નિ.પ.ભ. શામજી જાદવા રાબડીયા (મોહનથાળ) | સરલી-કચ્છ |
| ભાદરવા સુદ-૭ | પ.ભ. પટેલ ઈન્દુબેન ઘનશ્યામભાઈ (મગસ) | વડસર |
| ભાદરવા સુદ-૮ | પ.ભ. પટેલ બિન્દુબેન નરેશકુમાર (મોહનથાળ) | |
| ભાદરવા સુદ-૮ | અ.નિ.પ.ભ. પટેલ શાંતાબેન નારણભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૯ | પ.ભ. ખીચડીયા ઉમંગ નારણભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | બાપુનગર |
| ભાદરવા સુદ-૧૦ | પ.ભ. પટેલ હેનિફ અર્પિતભાઈ જયંતીભાઈ (સાટા) | ધમાસણા |
| ભાદરવા સુદ-૧૦ | પ.ભ. પટેલ દિનેશભાઈ પરસોતમદાસ (મેમ્બરશ્રી) (દૂધપાક પુરી) | લુણાવાડા |
| ભાદરવા સુદ-૧૦ | પ.ભ. ભાટીયા ચિરાગભાઈ જીતેન્દ્રભાઈ (દૂધપાક માલપુંવા) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | પ.ભ. ધોળકિયા નિરવભાઈ અમરીષભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | પ.ભ. કાથરોટીયા હરેશભાઈ ધનજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | પ.ભ. હરિ દર્શન સોની (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | પ.ભ. બાબુભાઈ (મોખાસણવાળા) (મોહનથાળ) | અમેરિકા |
| ભાદરવા સુદ-૧૪ | પ.ભ. ભાવસાર નિકીતાબેન (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૫ | અ.નિ.પ.ભ. પટેલ રજનીકાંત અરવિંદભાઈ (મોહનથાળ) | ગોતા |
| ભાદરવા વદ-૧ | પ.ભ. ઠક્કર રમેશભાઈ લાલજીભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧ | પ.ભ. પટેલ અરવિંદભાઈ ઘેલાભાઈ (બુંદીના લાડુ) | ગવાડા |
| ભાદરવા વદ-૪ | પ.ભ. પટેલ દિનેશભાઈ રમણભાઈ (દૂધપાક પુરી) | નિકોલ |
| ભાદરવા વદ-૪ | પ.ભ. પટેલ સિલ્કીબેન બિંદેશભાઈ (દૂધપાક પુરી) | ઓળા |
| ભાદરવા વદ-૪ | અ.નિ.પ.ભ. પ્રહલાદભાઈ પૂજાભાઈ (માલપુવા) | નારણપુરા |
| ભાદરવા વદ-૫ | પ.ભ. પટેલ જયંતીભાઈ પ્રભુદાસ લલ્લુભાઈ (ચુરમાના લાડુ) | ઝુંડાલ |
| ભાદરવા વદ-૫ | પ.ભ. પટેલ કલ્યાણભાઈ નારણભાઈ (ચુરમાના લાડુ) | કડી |
| ભાદરવા વદ-૬ | અ.નિ.સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી (માલપુંવા દૂધપાક) | કાલુપુર મંદિર |
| ભાદરવા વદ-૬ | અ.નિ.પ.ભ. ફુલાભાઈ મૂળાભાઈ માળી (મોહનથાળ) | સંતરામપુર |
| ભાદરવા વદ-૭ | અ.નિ.પ.ભ. નટવરભાઈ નાગરભાઈ પટેલ (મગસ) | પોર |
| ભાદરવા વદ-૭ | પ.ભ. ટાંક વસંતભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૮ | પ.ભ. રામભાઈ પટેલ (બુંદીના લાડુ) | મોખાસણ |
| ભાદરવા વદ-૯ | પ.ભ. મહેતા ધીમંતકુમાર ભરતભાઈ (મગસ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૯ | અ.નિ.પ.ભ. મંગળાબેન નરસીભાઈ પૂજારા (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૯ | અ.નિ.પ.ભ. શાંતાબેન અંબાલાલ (ડ્રાઈફ્રુટ હલવો) | ઝુંડાલ |
| ભાદરવા વદ-૯ | અ.નિ.પ.ભ. ઝવેરભાઈ કાળીદાસ પટેલ (મોતૈયા લાડુ) | શ્રીજીવાડા |
| ભાદરવા વદ-૧૦ | પ.ભ. ગઢવી નવિનદાનભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૦ | ફુલ મંડળી બહેનો (હવેલી) (ચુરમાના લાડુ) | |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. ઠક્કર રમેશભાઈ લાલજીભાઈ (દૂધપાક પુરી) | નરોડા |
| ભાદરવા વદ-૧૨ | સૌરાષ્ટ્ર ચવાણા એન્ડ સ્વીટ માર્ટ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. પટેલ ચિમનલાલ જગદીશભાઈ (દૂધપાક પુરી) | ગાંધીનગર |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. ગોવાણી શાંતાબેન લક્ષ્મણભાઈ (મોહનથાળ) | સુરત |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. સોની ચંદ્રકાંતભાઈ અમૃતલાલ (દૂધપાક માલપુંવા) | રાજકોટ |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. કરૈ શામજીભાઈ ખીમજીભાઈ (મગસ) | બેડાદર |
| ભાદરવા વદ-૧૨ | અ.નિ.પ.ભ. ઉત્તમરામ ભોળાનાથ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૩ | અ.નિ.પ.ભ. મુકુંદભાઈ શંભુભાઈ કોઠારી (મોહનથાળ) | નરોડા |
| ભાદરવા વદ-૧૩ | પ.ભ. પટેલ અંબાલાલ નાથાલાલ (કાજુબદામ મૈસુબ) | ઝુંડાલ |
| ભાદરવા વદ-૧૩ | અ.નિ.પ.ભ. નાનજીભાઈ મોતીભાઈ વાટકીયા (કાજુબદામ મૈસુબ) | |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ભાદરવા વદ-૧૩ | પ.ભ. કૈલાસબેન રવજીભાઈ (મોહનથાળ) | સુરત |
| ભાદરવા વદ-૧૪ | અ.નિ.પ.ભ. જયંતીભાઈ ભુલાભાઈ પટેલ (દૂધપાક પુરી) | |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. ખેર લાભુભાઈ નારણભાઈ (ચુરમાના લાડુ) | બળોલ-ભાલ |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. કંડીયા તેજેશકુમાર કાનજીભાઈ (ડ્રાયફ્રુટ હલવો) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. ઓઝા બિપીનચંદ્ર (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. પંડ્યા કિરીટકુમાર મુગટલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | પુંજાણી જતીનભાઈ મનજીભાઈ (મોહનથાળ) | સુરત |
| ભાદરવા વદ-૩૦ | ઠક્કર રિકીન નરેશભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. પટેલ જયંતીભાઈ (મોખાસણવાળા) (કાજુબદામ મૈસુબ) | |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. ભાવસાર માણેકલાલ વિઠ્ઠલદાસ (ડ્રાયફ્રુટ હલવો) (હરિઓમ પરિવાર) | |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. પટેલ ગંગારામભાઈ મહાદેવભાઈ (મગસ) | મેમનગર |

## શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર

૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)

૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાઅર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)

૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ

૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ

૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જગદીશભાઈ પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ

૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી

૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ

૧૦૦/- કોઠારી બળદેવભાઈ વિસાભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા

૧૫૧/- પટેલ વિસાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા

૧૦૦/- પટેલ હેનિફ અર્પિત તા. ૨૮-૮ જન્મ દિને — ધમાસણા

૨૦૦/- તરૂણભાઈ રાવલ સાહેબ શ્રીહરિ પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામ ચિ. કિંજલના જન્મ દિને — ડાંગરવા

૧૦૦/- ખેર કિશોરસિંહ રામસંગભાઈ ગટોરભા ખેરની પુણ્યતિથિ નિમિત્તે — બળોલ-ભાલ

૨૦૦/- પટેલ કાર્તિક રમેશભાઈ પુત્રવધુ જીજ્ઞાના શ્રીમંત પ્રસંગે — ભટાસણ

૧૦૦/- પટેલ શ્રેયા યોગેશકુમાર નટવરલાલ ધો-૧૦ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે — વિહાર

૧૦૦/- પટેલ મિત યોગેશકુમાર નટવરલાલ એમ.બી.બી.એસ.માં ૨ વર્ષ પુરા થયા તે નિમિત્તે — વિહાર

૧૦૦/- પટેલ રાજેન્દ્ર જયંતીલાલ ઓગસ્ટ માસના પ્રથમ પગાર નિમિત્તે — અમદાવાદ

૨૫૧/- પટેલ શંકરભાઈ મોતીભાઈ મનીષાનો ભાણો આયુષને ધો-૧૦ માં ૯૧ ટકા નિમિત્તે — ઉનાવા

૨૫૧/- પટેલ શંકરભાઈ મોતીભાઈ અશ્વિનભાઈના પુત્ર ધ્રુવને ધો-૧૦ માં ૬૫ ટકા નિમિત્તે — ઉનાવા

૨૦૦/- અ.નિ. પટેલ હેમાબેન નારણભાઈ પુણ્ય તિથિ નિમિત્તે — કોઠા

૫૦૦૦/- ઠક્કર માનસી એચ. નવું મકાન લીધું તે નિમિત્તે — મુંબઈ

૧૦૦/- મોદી પરેશભાઈ મુકુંદચંદ્ર ઓચ્છવીયા શ્રી ભોગીદાદાના શ્રાદ્ધ નિમિત્તે

૨૦૧/- પટેલ પ્રકાશભાઈ બાબુભાઈ ચિ. સરલ આઈ.ટી. (બીઈ) ડીગ્રીમાં ૮.૬૮ સી જી પી એ મેળવી પાસ થયા તે નિમિત્તે — રાણીપ

૨૦૦/- પટેલ વિપુલભાઈ પ્રવિણભાઈ ચિ. જૈના ધો.-૧૦ માં પાસ થઈ તે નિમિત્તે — કુહા

૧૦૧/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ


૧૦૧/- ઠાકોર હિરાબા હલુજી શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ

૨૦૦/- હેતલ હેર આર્ટ રમેશભાઈના પૌત્રના જન્મ પ્રસંગે — ચાંદખેડા

૫૦૦/- પટેલ મગનભાઈ (દાદા) ચિ. પૌત્ર ધ્યાનકુમાર વિનોદકુમારના જન્મ દિને — માણેકપુર

૫૦૦/- પટેલ કલ્યાણભાઈ નારણભાઈ પૌત્રવધુ પ્રિયંકાબેનના જન્મ દિને — કડી

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


















૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર (બહેનોની હવેલી)માં અધિકમાસ નિમિત્તે અન્નકૂટ દર્શન. ૨. ગાંધીનગર સેક્ટર-૨ મંદિરમાં અધિકમાસ નિમિત્તે ઠાકોરજીને અન્નકૂટ દર્શન. ૩. આપણા નારણપુરા મંદિરમાં અધિકમાસ પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીને અભિષેક તથા અન્નકૂટ દર્શન. ૪. સાસ્કાટૂન (કેનેડા) મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ દર્શન. ૫. ધરિયાવદ (રાજસ્થાન) મંદિરમાં કોરોના રોગ મુક્ત વિશ્વ માટે ૧૨ કલાકની અખંડ ધૂન કરતા સંતો હરિભક્તો.

Registered under RNI Is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020





શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોને અધિક માસ દરમ્યાન અન્નકૂટ દર્શન
આપણા મંદિર પાસે રિલીફ રોડ પર અમદાવાદ મ્યુ. કો. દ્વારા ભવ્ય દરવાજાનું ખાત મૂહૂર્ત કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.

**કોરોનાકાળ બાદ મંદિર દર્શનાર્થે ખુલ્લા મુકવાની તારીખ ટૂંકમાં આપ સૌને વિદિત કરવામાં આવશે.**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સગવડ માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
htpp://www.swaminarayan.in/donation

Pratul Kharsani